ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૭ || અંકઃ ૯ || સપ્ટેમ્બર ૨૦૨૫ || સળંગ અંક : ૬૪૭

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चरुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે વિવિધ કેન્દ્રોનું ઉદ્‌ઘાટન











ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી એન્જિનિયર ભીખુભાઈ બી. પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે કોમન કૉમ્પ્યૂટર સેન્ટર, ડિજિટલ મેન્યુફેક્ચરિંગ સેન્ટર, FESTO સેન્ટર ઓફ એક્સેલેન્સ, CAD LAB, સેન્ટ્રલ સ્ટુડન્ટ સપોર્ટ સિસ્ટમ, GTU વેન્ચર હબ (આણંદ ઝોન)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી એન્જિનિયર ભીખુભાઈ બી. પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી.પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ આર. સી. તલાટી, વિશાલભાઈ પટેલ, મેહુલભાઈ પટેલ અને શ્રી સુરેન્દ્ર કાકા (પ્રેસિડેન્ટ, ચારૂસેટ), પ્રોફેસર ચોરેલ(નોમિની, DTE), શ્રી બી. એમ. વ્યાસ, શ્રી હરીશ નચનાની (CEO, FESTO India ), શ્રી રાહુલ પટેલ (માઈક્રોફ્લેટ ડેટમ, જશ એન્જિ.), શ્રી સુનિલ રાઠોડ (પ્રતિનિધિ, Sophus Pvt. Ltd.), દાતાશ્રી ડી. ડી. પટેલ, ડૉ. કે. એન. ખેર (રજિસ્ટ્રાર, GTU ) તથા વિભાગીય વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

સપ્ટેમ્બર-૨૦૨૫
વર્ષ : ૨૭ અંક : ૯
સળંગ અંક : ૬૪૭

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી  શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

તેરે નામકી મહિમા ભારી હૈ
કલિ કાલમેં સબસે ન્યારી હૈ
બલરામ કહે અબ દયા કરો પ્રભુ
ચરનોં મેં શિશ જુકાય દીયા...મેં ચાકર૦


|| પ્રાથમ્ય || રોટલો કેવો હોય ? .......................૩
**સંકલન : એસ.જી.પટેલ**

|| આપણો વૈભવ અને વારસો || ....................૫
**પદ્ય-વિભાગ : બલરામ**

|| નવાં કાવ્યો || ..........................................૬
**સુધીર પટેલ, ચતુર પટેલ,**
**નરેશ સોલંકી, અશોકપુરી ગોસ્વામી**

|| આપણો વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** શિક્ષણનું ખરું કામ ...................૭
**મનુભાઈ પંચોળી**

|| લઘુકથા || જોખમ ...................................૭
**મનસુખ સલ્લા**

|| ચારિત્ર્ય || સ્વાવલંબનના સંસ્કાર....................૮
**રણછોડ શાહ**

|| વાર્તા || જો પપ્પાને બદલી શકાતા હોત તો......૧૦
**ગિરા પિનાકીન ભટ્ટ**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.......૧૪
**આર. કે. માંડલિયા**

|| સમીક્ષા || વતનની નાભિનાળ........................૧૬
**પ્રવીણ ગઢવી**

|| આયુર્વેદ || बच्चों को स्तनपान की अहमियत.....२१
**डॉ. नरेश चौधरी[1], डॉ.(प्रो.) निशा कुमारी ओजा[2]**

|| લલિત નિબંધ || મકાન બને છે ઘર............૨૬
**તુષાર પી. દેસાઈ**

|| અભ્યાસ || ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા સ્થળોનો પ્રવાસ : વિદિશા ...............................૨૭
**મેહુલકુમાર ફતેસિંહભાઈ રાઠવા**

|| પ્રાસંગિક || શિક્ષક : લોકશાહીનો સાચો માર્ગદર્શક....૩૩
**ભાનુભાઈ એમ. પરમાર**

|| વિદ્યાવૃત્ત || .........૯, ૧૫, ૨૦, ૨૫, ૩૨, ૩૪, ૩૫





ISSN 0976-9609

## ।। પ્રાથમ્ય ।।

## રોટલો કેવો હોય ?

**સંકલન : એસ.જી.પટેલ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં બાજરાના આગમન વિશેની લોકવાર્તા નીચે મુજબ સાંભળવા મળે છે. ઇતિહાસ પ્રસિદ્ધ કચ્છના રાજા લાખો ફુલાણી એક વખત શિકારે નિકળતાં તે સાથીઓ સાથે ભૂલા પડતાં, અંધારિયા ખંડમા પહોંચી ગયા હતા. ઘણા દિવસોથી શિકાર પાછળ રઝળપાટ કરતા લાખા ફુલાણીના કાફલાની ખાદ્ય સામગ્રી ખૂટતા તે મૂંઝાયા હતા, ત્યારે સતત ભાગદોડથી થાકેલા ઘોડાઓ નદીકિનારે ઊગેલા અજાણ્યા ઊંચા છોડના ડૂંડાઓનો ચારો ચરી રહ્યા હતા.

અજાણ્યા છોડનો ઉત્સાહથી ચારો ચરતા ઘોડાઓને જોઈ ભૂખની પીડાથી હેરાન લાખા ફુલાણીને નવાઈ લાગી હતી. લાખા ફુલાણીએ ઘોડાઓની નજીક જઈ છોડ ઉપર આવેલા ડુંડાને દબાવી તેના લીલાછમ દાણા પોતાના મોઢામાં મૂકતા તેના અનેરા સ્વાદ સાથે શરીરમાં તાજગી અનુભવતાં બોલી ઊઠ્યા હતા.

*બલિહારી તુજ બાજરા, જેના લાંબા પાન;*
*ઘોડે પાંખુ આવિયું, બુઢ્ઢા થયા જુવાન.*

બાજરો ખાતા જ થાકેલા ઘોડા તરોતાજા દેખાવા લાગ્યા હતા, એ સાથે સાથીઓ સાથે લાખા ફુલાણીએ અજાણ્યું જંગલી ધાન ખાતા તેમનામાં પણ નવી તાજગી સાથે શક્તિનો સંચાર થયો હતો. લાખા ફુલાણીને આ જંગલી ધાન ગમી જતાં આશરે એક હજાર વર્ષ પહેલાં કચ્છમાં બાજરાનું આગમન થયું હતું. ઓછા વરસાદ, ઊંચા તાપમાન સાથે ઓછી ફળદ્રુપ, રેતાળ કે સામાન્ય ક્ષારવાળી જમીન ધરાવતો પ્રદેશ બાજરાના પાક માટે ઉત્તમ માનવામાં આવે છે.

કચ્છ-સૌરાષ્ટ્રમાં બાજરાને માણસ અને ઘોડા બંને માટેનો આહાર માનવામાં આવે છે. જ્યારે અમેરિકા, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ વગેરે દેશોમાં બાજરાનો પશુઓના ચારા તથા પક્ષીઓના ચણ તરીકે ઉપયોગ થાય છે. એ સાથે બાજરાની કડબનો પશુઓના ચારા ઉપરાંત બાંધકામની સામગ્રી, બળતણ તેમજ ખાતર તરીકે પણ ઉપયોગ થાય છે. બાજરીમાં એમીનો એસિડ તેમજ પ્રોટિન અધિક માત્રામાં હોઈ મરઘા ઉછેર કેન્દ્રમાં તેનો સારા એવા પ્રમાણમાં વપરાય થાય છે.

આપણે ત્યાં શિયાળા અને ચોમાસાની ઋતુમાં ગરીબ, મધ્યમ કે શ્રીમંત પરિવારોમાં બાજરાના રોટલા ખાવાનો રિવાજ છે. રીંગણાનો ઓળો કે ભરેલા રીંગણા, દૂધ, માખણ, ગોળ, કઢી, ખીચડી, દહીં-છાશ, લાલ મરચાનું અથાણું, લસણની ચટણી અને ચૂરમા સાથે જો બાજરાનો રોટલો ન હોઇ તો કાઠિયાવાડી ભોજનની મજા મારી જાય છે. સૌરાષ્ટ્ર-કચ્છના લોકોને સવારના નાસ્તામાં ઘી કે માખણ ચોપડેલ બાજરાનો રોટલો, ગોળ, વલોણાનું ગોરસ અને લસણની ચટણી મળી જાય તો જાણે બત્રીસ ભાતના ભોજન મળી ગયા જેવો આનંદ અનુભવે છે.

*કાળો છું પણ કામણગારો કરશો ન મુઝ વાદ;*
*વાદ કરવામાં વળશે શું ? માણી લ્યો મુજ સ્વાદ.*

ભેંસના દૂધ સાથે બાજરાના રોટલાને ખૂબ જ પૌષ્ટિક અને પથ્ય આહાર તરીકે ગણવામાં આવે છે. બાજરો શરીરમાંથી કેલ્શિયમનું શોષણ કરી સ્નાયુઓના કોશો બાંધવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. બાજરામાં ઘઉં કરતા ચરબીનું પ્રમાણ વધારે અને મકાઈ કરતા પ્રોટિન અને ઓઈલનું પ્રમાણ બમણું હોઈ વૃદ્ધાવસ્થામાં શક્તિ ટકાવી રાખવામાં બાજરાને ખૂબ જ ઉપયોગી માનવામાં આવે છે, તેથી બાજરા વિશે કહેવામાં આવે છે.

*ખાય જે બાજરાના રોટલા ને મૂળાનાં પાન;*
*શાકાહારી ઘરડાને પણ થતા જોયા જુવાન.*

આયુર્વેદમાં બાજરાને ગરમ, હૃદયને હિતકર, રૂક્ષ, જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર, પિત્તને વધારનાર, શરીરના સ્નાયુઓ બાંધનાર, ભૂખ લગાડનાર, કફનાશક,

ક્રાંતિજનક, બલવર્ધક અને સ્ત્રીઓમાં કામને વધારનારો માનવામાં આવે છે. એ સાથે બાજરામાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટિન અને ફેટનું પ્રમાણ ઊંચું હોઈ તેને વાત, પિત્ત, અને કફજન્ય ગણાવેલ છે. બાજરો વિટામીન એ, બી અને સી, આયર્ન અને કેલેરીનું ઊંચુ પ્રમાણ ધરાવે છે, અરે બાજરામાં રહેલ આયર્નના ઊંચા પ્રમાણના કારણે તેને આયર્ન કેપ્સ્યુલનું પણ બિરૂદ આપવામાં આવેલ છે.

આયુર્વેદમાં બાજરાની મર્યાદાઓનું પણ વર્ણન કરવામાં આવેલ છે. બાજરો પચવામાં ભારે હોય તેને કેટલાક અંશે મળને બાંધનાર કહી હરસના દર્દીઓને સાવધાનીથી તેનો ઉપયોગ કરવાની સલાહ આપી છે. વધુ પડતો બાજરો ખાવાથી મસાની બીમારીની શક્યતા વધી જાય છે. બાજરામાં ફાઇબર્સનું પ્રમાણ બહુ ઓછું હોઈ કબજિયાતની બીમારીથી બચવા બાજરાના રોટલા સાથે પાંદડા કે રેસાવાળી ભાજીનું શાક ખાવાની આયુર્વેદમાં સલાહ આપવામાં આવેલ છે. તથા બાજરાના રોટલાને મેદસ્વી લોકો માટે પણ હિતકર ગણાવેલ નથી. બાજરાને આપણા લોકસાહિત્ય અને કહેવતોમાં પણ વણી લેવામાં આવ્યો છે.

*ધોકે જાર બાજરો, ધોકે ગમાર પાધરો;*
*ધોકે ડોબું દોવા દે, ધોકે છોકરૂં છાનું રે.*

આયુષ્ય સાથે જોડાયેલી બાજરી ખુટવી, હજુ બાજરી બાકી છે તેમજ બાજરો સેલી(રાખ)થી અને બાવો ભભૂતથી શોભે વગેરે કહેવતો આપણે રોજબરોજની વાતચીતમાં સાંભળીએ છીએ. જે આપણા જીવનમાં રહેલું બાજરાનું મહત્ત્વ દર્શાવે છે.

કાઠિયાવાડનો રોટલો કેવો હોય ? સાંભળો :
મંગલપુર ગામનો બાજરો હોય,
ધ્રાંગધ્રાના પાણાની ઘંટી હોય,
દીધડિયા (સુરેન્દ્રનગર) ગામના કુંભારે બનાવેલી તાવડી હોય, સૌરાષ્ટ્રની પટલાણીએ મધરાતે ઊઠીને મુઠીએ મુઠીએ ઘંટીમાં નાખીને પ્રભાતિયાંના સૂરે ગાતાં ગાતાં દળ્યો હોય. ઈમાંથી ધોબેક લોટ લઈ માટીની કાળી રીઢી કથરોટમાં નાખ્યો હોય,

પડખે છાલિયામાં ઓગાળેલા વડાગરા મીઠાનું પાણી લઈ લોટનો પિંડો બાંધ્યો હોય અને મા જેમ પહેલાં ખોળાના બાળકને હેતથી હુલાવતી હોય એમ પિંડાને બે હાથમાં લઈ રમાડતા રમાડતા રોટલો ઘડયો હોય ને તાવડીમાં નાખી ત્રાંબિયા જેવો શેડવ્યો હોય,

પછી ઈની કોપટી કાઢીને તાવણ્ય મૂકી હોય તો ત્રણ ત્રણ ઘર્યે જેની ફોરમ જાય ઈ નવચાંદરી ભેંસનું નખમાં ફાંહુ વાગે એવું ઘી ભર્યું હોય,

કાઠિયાવાડની વાડીના કાંટાળા રીંગણાનું ભડથું અને ગિરની દેશી ગાયના શેડકઢા દૂધની તાંહળી ભરીને મૂકી દીધી હોય,

ભગવાન શામળિયો ત્યાંથી નીકળ્યો હોય ને બાવડું ઝાલીને ભોજનના ભર્યા થાળ માથે બેસાડી દીધો હોય તો એના બત્રીસે કોઠે આનંદના દીવડા પ્રગટી જાય.

ઈ ન્યા બેઠો બેઠો રાધાજીને સંદેશો કહેવરાવી દે કે આપણને તો ભાઈ કાઠિયાવાડની ધરતી માથે ફાવી ગયું છે. તમને મારા વિના અણહરું લાગે તો તમે ય આંય વિયા આવો.

આવો હોય કાઠિયાવાડનો રોટલો

શ્રીકૃષ્ણ ભગવાન કાઠિયાવાડમાં અમથા ભૂલા નહોતા પડયા.

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com


ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : પદ્ય વિભાગ ।।

### મેં ચાકર તેરે ચરનોંકા

**બલરામ**

મેં ચાકર તેરે ચરનોં કા, કીસ કારન નાથ બુલાય દીયા.
ગુણીકા કહાં વેદ પુરાન પઢી શબરીને કહાં સમાધિ ધરી
કુબજાને કહો કહાં યોગ કીયા તુને
જાયકે દર્શ દીખાય દીયા..મેં ચાકર૦
ગજરાજ કહાં બ્રહ્મજ્ઞાની થા ?
ધ્રુવ બાલક થા અજ્ઞાની થા.
અજામીલ બડા અભિમાની થા,
તુને જાયકે કામ બનાય દીયા....મેં ચાકર૦
વિભિષણ તો દીન દુ:ખીયારે થે રોહીદાસ કહાં આચારી થે.
નરસિંહ સદા ઘરબારી થે
તુંને જાય કે હુંડી ચુકાય દીયા....મેં ચાકર૦
તેરે નામકી મહિમા ભારી હૈ
કલિ કાલમેં સબસે ન્યારી હૈ
બલરામ કહે અબ દયા કરો પ્રભુ
ચરનોં મેં શિશ જુકાય દીયા...મેં ચાકર૦

ભક્તિને માત્ર ભાવ સાથે, પ્રેમ સાથે સંબંધ છે.પરમાત્માને મળવાની આરત ઉપર આધારિત છે. ભક્તોને પૂર્ણ વિશ્વાસ હતો એટલે તો અડધા નામે બોલાવ્યોને પ્રભુ દોડતો આવ્યો છે. પ્રહ્લાદનો રામનામ આધાર, શબરીની ધીરજ ને વિશ્વાસ, નરસિંહને પૂર્ણ શ્રદ્ધા હતી એટલે તો હુંડી સ્વીકારી આ છે ભક્તિનો મહિમા.



### ધન ગુરુ દેવા

ધન ગુરુ દેવાને, ધન ગુરુ દાતાને
સતગુરુના શબદ સુણાયજી
ગુરુજીનો મહિમા પળ પળ રે વખાણું
તો પ્રાચિત સઘળા જાય જી.
દેશ દેખાડ્યો, ગુરુએ સૂતો જગાડ્યો ને
અલખ પુરુષ ઓળખાયો જી
બૂડતાને મારા ગુરુજીએ તાર્યા ને
જમડાના હાથથી છોડાવ્યા જી
શરીર તણી હું તો ખાલ પડાવું ને
સોનેરી રંગ ચડાવું જી
મોજડી સિવરાવી મારા ગુરુને પેરાવું
ગુણ અવગુણ કેમ થાઉં જી
અન્નદાન દીધાં ને ભૂમિદાન દીધાં રે
કંચન મોલ લુટાયાજી
કાશી ક્ષેત્રમાં જઈને કન્યાદાન દીધાં ને
તો યે નાવે મારા ગુરુજીની તોલે જી.
સતગુરુ મળિયા ને સંશય ટળિયા ને
લખ રે ચોરાસી છોડાયાજી
ડુંગર પરી રૂખડિયો વાઘનાથ - ચરણે બોલ્યા ને
મુક્તનો મારગ બતાવ્યો જી.

ગુરુનો મહિમા પળે પળે વખાણું છું. આ ગુરુના ગુણગાન ગાવાથી સઘળાં પાપો નાશ પામે છે. સતગુરુએ કોઈ એવો શબદ સુણાવ્યો કે જેથી આ અગમદેશની, અલખ પુરુષની ઓળખ થઈ ગઈ. ગુરુજી મને સૂતાને જગાડ્યો છે, હું તો અજ્ઞાન અંધારની ઊંઘમાં હતો, સંસારની માયામાં બૂડતો હતો ત્યારે ગુરુજીએ મને તાર્યો છે. જમડાના હાથમાંથી છોડાવ્યા છે હવે મારે જન્મ-મરણનો ફેરો નથી. આવા ગુરુજી માટે મારા શરીરની ચામડી ઉતારી તેની મોજડી સિવડાવી ગુરુને પેરાવું તો પણ તેનો ઉપકાર ચૂકવી શકાય તેમ નથી. ગમે તેટલાં અન્નદાન, ભૂમિદાન, સુવર્ણદાન કે કાશી ક્ષેત્રમાં જઈને કન્યાદાન આપે તો પણ તે ગુરુજીની તોલે આવી શકે તેમ નથી. ગુરુજીએ મારા સંશય ટાળી ચોરાશીના ફેરામાંથી મુક્ત કર્યો છે.

## ।। નવાં કાવ્યો ।।

### નીતરતાં સાચનું ગીત

સુધીર પટેલ

ભૈ, વાંચી શકાય તો વાંચ
નૈનોમાં નીતરતું સાચ !
આપણને આવડતા નથી શબ્દ કૈં મોટા
કે જેનો અર્થ થતા હોય બહુધા ખોટા !
ભૈ, હૃદયથી હૃદય ઉવાચ !
જેવા આ પાર અમે એવા ઓ પાર મળીએ,
છેતરાઈએ ભલે પણ કોઈને ન છળીએ !
ભૈ, જાત અમારી થૈ કાચ !
લેવાતાં હોય ભલે પારખાંયે સાચાનાં,
યત્ન છતાંયે જૂઠા નહિ રહેવાના છાના !
ભૈ, સાચને ન આવે આંચ !
ભૈ, વાંચી શકાય તો વાંચ
નૈનોમાં નીતરતું સાચ !

2624, Jameson Dr. NW, CONCORD, NC 28027,
Email : sudhir12@gmail.com

### वजह

अशोकपुरी गोस्वामी

मैं वही अशोकपुरी गोस्वामी
मो सम कौन कुटिल खल कामी? ।
खुद की; सबकी; चला बताने;
गाँवमें आया जब परगामी ।
बाँटनेवाला, माँग रहा है,
जब वह बहुत बडा आसामी ।
यह जो लुगाई[१] पति परायण
और पति महाशय परस्त्रीगामी ।
गुस्सा होकर मुरशिद बोले:
'नहीं कर, सकता तू मनमानी ।
बहुत ईकट्ठा कर लिया तूने
बाकी ले आ एक ननामी'

(सूरदासजी के पद की पंक्ति) (१. पत्नी)

स्रोत : गजल संग्रह वजह)
अमन प्रकाशन २२५ सोनल रेसीडेन्सी
वसंतविहार सोसायटी के पास, विद्यानगर, (मो) ९४२७८ ५७०३७

### કારણ બતાવું / ગઝલ

ચતુર પટેલ

આપ ઠેકાણું મને તારી ઉદાસીનું
હું તને કારણ બતાવું પાયમાલીનું.
ભૂલી જા કારણ બધાં, ના શોધ તું મારણ,
મૂળ શોધી આપું તારી આ ખુશાલીનું.
છે બેખબર છે તું, અને બેફામ છે તું તો,
હા બતાવું કેફ તારી ગુલતાનીનું.
પૂછ ના તું આ હવાને કેમ પાગલ છે ?
કોઇ તો કારણ હશે તારી દમામીનું.
તું જે છે એ છે, બેપરવા છે, પાગલ છે,
તું બતાવી દે તારુ, એ રાજ ખયાલીનું ?

ન્યૂ જર્સી.યુ.એસ.એ.

### સાવ નબળી / ગઝલ

નરેશ સોલંકી

લખી રાતભર એ ગઝલ સાવ નબળી,
હતી ખુદની સાથે ટસલ સાવ નબળી.

ઘસાયા બરોબર, જીવન એમાં ખોયું,
જે ધારી'તી એથી ફસલ સાવ નબળી.

આ છૂટીછવાઈ પીડાથી ઉગારો,
ઉગાડી છે કોણે નસલ સાવ નબળી?

હતાં ગૂઢ કાવ્યો ને એમાં આ ભૂલો?
ઉતારી છે કોણે નકલ સાવ નબળી.

નથી કોઈ સૂરજ અહીં દોસ્ત, કાયમ,
રહી રોશની દરઅસલ સાવ નબળી.

મવડી પોલીસ હેડકવાર્ટર, બ્લોક નં. સી-૧
કવા.નં. ૦૬, નાના મોવા રોડ,
રાજકોટ (મો) ૮૩૨૦૬ ૪૮૭૦૦


ISSN 0976-9609

## ॥ વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ॥

### શિક્ષણનું ખરું કામ

**મનુભાઈ પંચોળી**

ભણાવવું એટલે શું ? ભણાવવું એટલે જ્ઞાન આપવું. અને સાથે મરદાનગી આપવી.

આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી સાહિત્યમાંથી, એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભો થાય અને અન્યાય-નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છેઃ ભણેલો માણસ શૂરવીર હોય. સેવા પણ એને માટે જ છેઃ સેવામાંથી મરદાનગી પ્રગટ થવી જોઈએ, સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે.

શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં, સેવા ખાતર સેવા નહીં. તે ત્રણેયમાંથી શક્તિ પ્રગટવી જોઈએ, માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.

---

'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર

---

## ॥ લઘુકથા ॥

### જોખમ

**મનસુખ સલ્લા**

કિશોરભાઈએ ઊભા ઊભા જ ચાનો કપ મોંએ માંડ્યો. તરુ દોડી આવી, 'ઊભા ઊભા નહિ, બેસીને પીઓ.'

કિશોરભાઈ હસી પડ્યા, 'બેસીને કે ઊભા ઊભા, ચા પીવામાં શો ફેર પડે છે ?'

તરુ તરત બોલી, 'ફેર પડે છે. ઘણો ફેર પડે છે.' 'તેં આવું ક્યાંથી જાણ્યું ?' વોટ્સઅપમાં કોઈ વિડીયો આવ્યો હતો ?

'ના મને વૈજ્ઞાનિક કારણો જ ગળે ઉતરે છે. મેં વાંચ્યું છે કે ઊભા ઊભા ખાવાપીવાથી આયુષ્ય ઘટે છે.'

કિશોરભાઈએ તરુને માથે હાથ મૂકીને હસીને કહ્યું, 'તારા પપ્પા લાંબુ જીવવાના છે. ચિંતા ન કર.'

તરુને મમ્મીની વિદાય યાદ આવી ગઈ. આંખનાં આંસુને ખાળતાં બોલી, 'ના મારે કોઈ જોખમ નથી લેવું.'

કિશોરભાઈ આરામથી બેઠા. અનુભવ્યું કે પૃથ્વી ભલે ફરતી હોય, પોતાના ઘરને જોખમ ન હતું.

---

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ,
જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫,

॥ ચારિત્ર્ય ॥

## સ્વાવલંબનના સંસ્કાર

રણછોડ શાહ

*ખુદી કો કર બુલંદ ઈતના કે હર તકદીર સે પહેલે*
*ખુદા બંદે સે પૂછે બતા તેરી રઝા ક્યા હૈ !*

**મોહમ્મદ ઈકબાલ**

મનુષ્યનો જન્મથી જ સ્વભાવ છે કે તે પોતાના વિશે વધારે વિચારે. વ્યક્તિ સૌ પ્રથમ જાત સાથે વાત કરે છે. બાળક જન્મથી જ ચાલતું નથી. પરંતુ ચાલવાની શરૂઆત કરે ત્યારે ઘૂંટણથી આગળ ડગ માંડે છે. આ સમયે તે હાથનો સહારો લે છે. વ્યક્તિ શરૂઆતનાં વર્ષોમાં જાતે કાર્ય કરવા પ્રયત્ન કરે છે. નાનપણમાં બાળકની પ્રત્યેક ક્રિયામાં મમ્મી તેને મદદ કરે છે. ધીમેધીમે બાળક સ્વતંત્ર થતાં શાળાએ જાય ત્યારે ત્યાં શિક્ષકો તેની વહારે ધાય છે અને વ્યવસાયમાં વડીલો કે ઉપરી અધિકારીઓ તેને સહાયરૂપ બને છે. પરંતુ આવું ક્યાં સુધી ચાલે ?

વ્યક્તિને પણ સમજાય છે કે અન્યોની ટેકણલાકડીથી આગળ વધી ન શકાય. તેથી તે જાતે પોતાના કાર્યો કરવાની શરૂઆત કરે છે. ધીમેધીમે તે સ્વાવલંબી થયો છે તેમ કહે છે અને અનુભવે છે. સ્વાવલંબનમાં 'સ્વ' એટલે પોતાનું અને 'અવલંબન'નો અર્થ છે આધાર. પોતાની ઉપર અવલંબીને રહેવું તેને સ્વાવલંબન કહીએ છીએ. સ્વાવલંબન એટલે સ્વાશ્રય. સ્વાવલંબન એટલે જાતમહેનત. પોતે મહેનત કરીને આગળ વધે તેને લોકો સ્વાવલંબી વ્યક્તિ તરીકે ઓળખે છે.

સ્વાવલંબી શબ્દ વિશાળ છે. તેને નાના પરિપ્રેક્ષ્યમાં બાંધી શકાય નહીં. સ્વાવલંબી એટલે માત્ર પોતાના ઉપર આધાર રાખનાર, બીજા શબ્દોમાં કહીએ તો 'સ્વાશ્રયી' ફક્ત પોતાના ઉપર અવલંબીને આગળ વધનારને જ સ્વાવલંબી કહી શકાય. બીજાની મદદની આશા ન રાખનાર જ સ્વાવલંબી બની શકે. પોતે સ્વવિષયક હોય તો જ તે શક્ય બને. સ્વાવલંબી વ્યક્તિ અંતર્ભૂત હોય અને આત્મલક્ષી તો હોય જ. સમગ્ર જગતમાં શ્રેષ્ઠ વ્યક્તિઓના જીવનનો અભ્યાસ કરવામાં આવે તો જરૂર તેમના કેન્દ્ર સ્થાને 'સ્વાવલંબન' જ નજરે પડશે.

*કંઈક તો ખામી હશે ઉછેરમાં,*
*સ્વાશ્રયી ગાંધી, સરદાર અને વિનોબાના દેશમાં;*
*પરાવલંબી જનોની વણઝાર શી નજરે પડે !*

બાળકો બાલમંદિરમાં જાય ત્યારે મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિથી શિક્ષણ પામે છે. મોન્ટેસરી પદ્ધતિનું ધ્યેય ખરી સ્વતંત્રતા છે. એટલે તો બાળ કેળવણીકાર અને 'મૂછાળી મા'નું બિરુદ પામેલ ગિજુભાઈ બધેકાએ કહ્યું છે. 'મનુષ્યની ખરી સ્વતંત્રતા સ્વાવલંબન ઉપર આધારિત છે.' સ્વાવલંબનનો સિદ્ધાંત જીવનની કરોડરજ્જુ સમાન છે. કરોડરજ્જુની શરીરને આધાર આપે છે અને 'સ્વાવલંબન' જીવનને ટટ્ટાર રાખે છે.

ગાંધીજીએ પોતાના સમગ્ર જીવન અને કાર્ય દરમ્યાન સ્વાવલંબનને અત્યંત મહત્ત્વનું સ્થાન આપ્યું છે. પરતંત્ર ભારતને આઝાદ થવામાં સ્વાવલંબન અત્યંત મહત્ત્વનું અને ઉપયોગી બનશે તેવી તેમને દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસ હતા. તેથી તેમના પ્રત્યેક કાર્યમં સ્વાવલંબન કેન્દ્રસ્થાને રહ્યું. તેઓ ગુલઝાર બાગની મુલાકાતે ગયા હતા. ત્યાં તેમણે કરેલ નિરીક્ષણમાં નોંધ્યું છે કે : "ભાગી નીકળેલા નિરાશ્રિતોની છાવણીમાં હું જઈ આવ્યો. મારે એ છાવણીનું અને તેમાં થતા કામકાજનું બારીકીથી નિરીક્ષણ કરવાનું મન હતું. પણ તે ન બન્યું. છતાં જે કાંઈ મારા જોવામાં આવ્યું અને છાવણીના સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી જે કાંઈ સાંભળ્યું તેથી હું સાચે જ રાજી થયો; એ છાવણી સ્વાવલંબનના ધોરણે ચલાવવામાં આવે છે, માણસો કામ કરે છે અને તેમને તેમના કામ મુજબની મજૂરી ચૂકવવામાં આવે છે. પણ તેમને તેમના કામના પ્રમાણમાં મજૂરી જરા વધારે આપવામાં આવે છે. આ


ISSN 0976-9609

પ્રકારે પોતાની મજૂરી પર જીવનારા સ્વાશ્રય વડે માણસનું સ્વમાન કેળવાય છે." (સંદર્ભ : ભગવદ્ગોમંડળ, પાન-૯૦૬૩)

સ્વાવલંબીપણું વ્યક્તિને અનોખો નિખાર આપે છે. નાનીનાની બાબતોમાં અન્યો ઉપર આધાર રાખનાર વ્યક્તિ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી. પોતાનું કામ યોગ્ય રીતે અને સમય મર્યાદામાં પૂરું નહીં કરી શકનાર વ્યક્તિ 'મદદના અભાવે'નું બહાનું કાઢી પલાયનવાદી બની જાય છે. જે વ્યક્તિ પોતાને મદદરૂપ ન બને તેને બહારની મદદ કેવી રીતે મળે ? પરોપજીવી વ્યક્તિએ પ્રગતિની આશા રાખવી નિરર્થક છે. વ્યક્તિગત, સંસ્થાગત કે સામાજિક વિકાસના પાયામાં 'સ્વાવલંબન' જ રહેલું છે. સંસ્થા કે સમાજમાં જે આગેવાનોએ જાતે કરવાનો સિદ્ધાંતનો અમલ કર્યો છે; તેઓએ અને તેમની સંસ્થાઓએ ચોક્કસ જ વિકાસ સાધ્યો છે. સ્વાવલંબીપણું કેળવવામાં કુટુંબનું યોગદાન વિશેષ હોય છે. નાનપણથી જાતે કાર્ય કરે તેવો આગ્રહ વડીલોએ રાખજો જોઈએ. એક વખત આ ટેવ પડી જશે પછી સમગ્ર જિંદગી તેના આધારે જ ચાલશે.

સ્વાવલંબીપણું બાળપણથી આરૂઢ થવું જોઈએ. બાળકને સ્વાવલંબી બનાવવા માટે કુટુંબ, શાળા અને સમાજે સતત પ્રયત્નો કરવા જોઈએ. વ્યક્તિ જ્યારે જાતે કાર્ય પૂર્ણ કરી શકતો હોય ત્યારે ઘર અને શિક્ષણ સંસ્થાએ તેને પ્રોત્સાહન આપવાનું છે, તેનો પ્રોત્સાહિત કરવાનો છે, તેની પીઠ થાબડવાની છે. પરંતુ તે સમયે કોઈક લોકો જાતે કામ કરી તેને પરાવલંબી બનાવે છે. તેઓ તેમના હિતેચ્છુ નહીં પણ શત્રુ બને છે. આવી સામાન્ય સમજ ન હોય તો સમાજ નબળો અને માયકાંગલો બની જાય છે. આખરે સમાજ તો વ્યક્તિઓનો બનેલો છે. સમાજને આગળ વધારવાની અને વિકાસ કરવાની જવાબદારી નાગરિકોએ નિભાવવાની છે. આ સંજોગોમાં ગાંધીજીએ સાચું જ કહ્યું છે; "મેં મારી રચનાકાર્ય કરવાની શક્તિ વિશેની સઘળી પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામ કરી છે કે કેળવણી સ્વાવલંબી હોવી જોઈએ." (સંદર્ભ : ભગવદ્ગોમંડળ, પાન-૯૦૬૩)

સ્વાવલંબનના સંસ્કાર પાડવાનું અને તેને ખિલવવાનું શિક્ષણ ઘરે મમ્મી-પપ્પાએ આપવાનું છે. સંતાન જે સ્વ થી કરી શકે તેમાં તેને સંપૂર્ણ સ્વતંત્ર પૂરું પાડવાનું છે. સ્વાવલંબનના સંસ્કાર નાખવાનાં પાયાનું કાર્ય તો ઘરના વડીલોએ નિભાવવું જ પડશે. તો ત્યારબાદ શિક્ષણ સંસ્થામાં જતી વ્યક્તિને જાતે કાર્ય કરવાની કેળવણી આપવાની જવાબદારી સારસ્વતોએ નિભાવવાની છે. કુટુંબ અને શિક્ષણ સંસ્થાના સહિયારા પ્રયત્નો જ વ્યક્તિમાં સ્વાવલંબનના સંસ્કારો વિકસાવી શકશે.

**આચમન :**

"એને શું રોકી શકવાનું અંધારાનું તાળું...?
જે રાખે છે પોતાની પાસે પોતાનું અજવાળું..."
-કૃષ્ણ દવે

---

૬૩, ભૃગુપુર સોસાયટી, કસક,
ભરૂચ, (મો) ૯૯૭૯૮૬૧૬૩૧

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

**બી. એન્ડ બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (બી.બી.આઈ.ટી) :** તા. ૨૫-૭-૨૦૨૫ ના રોજ વિપશ્યના ધ્યાનની પરિચય સત્રનો ઉદ્દેશ ટેક્નિકની મૂળભૂત સમજ આપવાનો છે, જે આત્મનિરીક્ષણ દ્વારા આત્મ પરિવર્તન પર કેન્દ્રિત છે અને ધર્મનિરપેક્ષ છે. આ સત્રમાં ૧૦ દિવસના કોર્સની રચના અને શિસ્ત વિશે માહિતી આપવામાં આવે છે. સાથે શંકાઓ દૂર કરવી, વિશ્વાસ ઊભો કરવો અને ભાગ લેનારને પોતે તૈયાર છે કે નહીં તે નિર્ણય લેવામાં મદદરૂપ થવું પણ તેનું લક્ષ્ય છે.

## ।। વાર્તા ।।

## જો પપ્પાને બદલી શકાતા હોત તો...

ગિરા પિનાકીન ભટ્ટ

જો પપ્પાને બદલી શકાતા હોત તો...

'તો હું સૌથી પહેલાં પપ્પા બદલી નાખું.' મારું આવું અટકચાળું મન કંઈક કોચલાઓમાં ગૂંચવાતું અને ગૂંગળાતું પણ. આખો દિવસ કોઈના પપ્પા ઘરમાં ન રહે ને મારે તો આખો દિવસ એમનું મોં જોવાનુંને... આખો દિવસ એમની ટકટક જ સાંભળવાની ?

'એ જરા તારા વાળ તો જો અરીસામાં.'

'કેમ?'

'કેમ શું? તું જાતે જ જોઈ લે ને.' મને થતું હતું કે કેમ વાળ સરખા ન ઓળવ્યા હોય તો પરીક્ષામાં નપાસ થવાય? બાવા જેવો દેખાવ જોઈને ઘરમાંથી કોઈ કાઢી મૂકે કે પછી...? પણ બાપ રે! એમને કંઈ પૂછાય? એમની આંખો તો ચકળવકળ ફરતી જ રહે ને મારી ભૂલો હંમેશાં શોધતી જ રહે. કોણ જાણે એ મને સીધી ફૂટપટ્ટી જેવો બનાવવા માગે છે કે શું?

'ધ્વનિલ, આ ફૂટપટ્ટી, રબર, પેન, પેન્સિલ એ બધું હોમવર્ક પૂરું થાય પછી કોણ મૂકશે? પહેલાં મને એનો જવાબ આપ.'

તમે આમેય નવરા જ છો ને? નોકરી કરવા તો મારી મમ્મી જાય છે, તમારે તો વ્હીલચેરમાં અહીંથી ત્યાં ફરવાનું ને મજા મજા કરવાનીને? મારા હોઠ આવા જવાબ આપવા અધીરા થઈ જતા. પણ કોણ જાણે કયું અદશ્ય બળ બળૂકું બની જતું અને મારું મોં સીવાઈ જતું. સણસણતા જવાબ આપવાને તત્પર મારા આ મનને હવે બ્રેક મારવી જ નથી, પછી જે થાય તે જોયું જશે. પરંતુ કશું બોલ્યા વિના એમના આદેશથી મારા આ હાથ કહ્યાગરા થઈ જતા. પગ પણ જાણે એમની એકમાત્ર નજરથી ફરી વળતા. ને બધું સહજ રીતે જે તે જગ્યાએ ગોઠવાઈ જતું. મારા બધા મિત્રો તાળી લઈ લઈને પપ્પાની કેવી મજાની વાતો કરે, જ્યારે મારા ભાગે પપ્પા નામે ડરનું આખું દફતર! જેને ન નાખી દેવાય કે ન કોઈને દઈ શકાય.

કબાટમાંથી નોટો, ચોપડીઓ એ બધું બહાર કાઢેલી સ્કૂલબેગમાં મૂકી દીધું પણ મારા મનને વ્યવસ્થિત રાખે તેવા પપ્પા ક્યાં? મમ્મી નોકરીએ જાય છે એના કરતાં પપ્પા જતા હોય તો જલસા પડી જાય. મમ્મીથી તો ન ડરવાનું કે ન ફફડવાનું. અરે! ખુદ મમ્મી ડરે મારાથી તો! હું તો એનો બોસ હોઉં એમ જ રહું એની સાથે. પણ મારા ભાગે જ આવા પપ્પા? પાછી નોકરી પણ કરતા હતા મિલિટરીમાં, એટલે મગજની તપેલી તો જાણે ગરમ ને ગરમ. વાતે વાતે ડિસિપ્લિન તો આવી જ જાય, એ તો ડિસિપ્લિનનો ડબ્બો ખીસામાં રાખીને જ ફરે છે.

પપ્પા આજે લોકસભાની ચૂંટણીનું રિઝલ્ટ જોવામાં મશગુલ હતા ને હું મારા મન સાથેના સંવાદોમાં. પપ્પા નામે સરલ શ્રોફ સામે નજર ફેરવીને હું મારા રૂમમાં જતો રહ્યો.

'ધ્વનિલ ક્યાં છે, શું કરે છે તું?'

'મારા રૂમમાં છું, ડ્રોઈંગ કરું છું.'

'ઓકે...' કહેતા ટી.વી.નો વોલ્યુમ એમણે ડાઉન કર્યો. અનનોન નંબર ઉપરથી ફોન આવતાં એ બગડ્યા. સ્ટુપીડ, ગલત નંબર પે બાર બાર ફોન લગાતા હૈ, ઔર સોરી ભી નહીં બોલતા મૂર્ખ કહીં કા. કોઈ પ્રકારના મેનર્સ જ ન હોય એમ વર્તે એ કેમ ચાલે... નંબર વન બેવકૂફ! મોટેથી બોલાતા ડાયલોગના કારણે અંદર બેઠેલા ધ્વનિલના ચિત્રનો રંગ જાણે કે ખરડાયો. આ પોતાની જાતને શું સમજે છે? પોતે જ જાણે હોશિયાર છે... શું સમજતો હશે આ માણસ! એને પપ્પા કહેવાનું પણ મન થતું નથી. આ તો કહેવું પડે છે એટલે, બાકી 'માય ફૂટ...' કહેતાં એણે લાત મારીને એની સાથે જ રંગો રડ્યા ચોધાર આંસુએ.


ISSN 0976-9609

કંઈક અજાણતું લાગતાં વ્હીલચૅર ત્યાં આવી પહોંચી.

'અરે બેવકૂફ! ભાન નથી પડતું? આટલી ગરમીમાં પંખા વિના બેઠો છે તે. રંગ જ કરવાના હોય તો આગલા રૂમમાં આવીને બેસને, ત્યાં એ.સી.ચાલુ છે ને આમાં કઈ ડિસ્ટર્બન્સ નહીં આવે ટી.વી. ચાલુ હશે તો.' પપ્પાની વાતમાં વજૂદ તો લાગ્યું. ગરમી તો થતી હતી જ, ને તે કારણોસર કે પછી કોઈપણ કારણોસર કામ કરવાની મજા આવતી ન હતી. હું ઊઠ્યો, રંગોને સંપમાં રાખીને લઈ આવ્યો ડ્રોઈંગરૂમમાં. ચિત્રપોથી ને રંગોનું સાંનિધ્ય મને ગમતું. એમાં એવો તો ખોવાઈ જતો કે સઘળું ભાન ભૂલી જતો. પપ્પાનું ધ્યાન એ બાબતે વધારે પડતું ચોક્કસ રહેતું પણ મને એમની દખલગીરી જરાય ગમતી ન હતી. એ ઑઈલ પેસ્ટલ કલર, એક્રેલિક કલર, બ્રશ પેનને આડેધડ બોક્સમાં ગોઠવતાં ચિત્રપોથીનાં પાનાંએ મોં ઉઘાડ્યું. ચિત્રનો વિચિત્ર આકાર, ડહોળાઈ ગયેલા રંગો જોતાં સરલભાઈ બોલ્યા, 'કેમ મિસ્ટર, આવા રંગો રેલાવ્યા છે? ચિત્ર રડે જ કેમ? તું કેવા ઢંગ સાથે કામ કરે છે, એ તને દેખાય છે? આમાં પણ ડિસિપ્લિન રાખવી રહી, શું કહ્યું... સમજણ પડી કે નહીં?'

મારે ચિત્રને બોલતાં કરવા જ નહોતાં. એક કાનેથી સાંભળીને બીજા કાને વાત કાઢી નાખતાં હું મારા ગમતા કાર્યમાં વ્યસ્ત બની ગયો. મનની અંદર ચાલતી ગડમથલે માથું ઊંચક્યું. આ માણસના પગ કપાઈ ગયા એના કરતાં જીભ કપાઈ ગઈ હોત તો સારું થાત. ના... ના... આમના તો પગ, જીભ બધું જ રહેવા દઈને ખાલી આંખો જતી રહી હોત તો સારું. કશું જોઈ શકે જ નહીં ને કશી મગજમારી પણ નહીં. વિચારો કંઈ ચોક્કસ વાટે જાય? એમની કેડીઓ તો કંઈક અલગ ને અગણિત! એમાં રમમાણ હતો ત્યાં તો કરડાકીભર્યો દાવાનળ ફાટ્યો...

'આઈસ્ક્રીમ ખાધો એનો જરાય વાંધો ન હોય પણ આ ફ્રીજ કોણ બંધ કરશે તારો બાપ? આ તો સારું થયું કે હું પાણી પીવા ગયો ત્યારે જોયું, બાકી આ ફ્રીજ ક્યારનુંય આમ ખુલ્લું છે. તને કેમ કશું સમજાતું નથી? ફ્રીઝ ખુલ્લું છે કે બંધ એટલી જોવાની તસ્દી લેવાનો ટાઈમ નથી લાટ સાહેબને! ઘરના તમામ સભ્યએ ઘરના નિયમમાં રહેવું જ પડે. આમ, આટલી બધી બેદરકારી કોણ ચલાવી લે? જો સાંભળી લે, કાન ખોલીને, હવે તું જરાય નાદાન નથી રહ્યો. જો હવે ડિસિપ્લિનની બહાર ગયો તો તારી ખેર નથી. એમાં તારી મમ્મી પણ તને નહીં બચાવે... સાંભળ્યું?'

પેલા ઠાકોરજીના દ્વાર બંધ થાય એમ મેં પણ કાનના કમાડ બંધ કર્યા. મારા હાથ સજ્જડપણે કાન પાસે જડાઈ ગયા. પપ્પા નામનું પ્રાણી હજુ રસોડામાં હતું. નાના-મોટા અવાજના કારણે હવે મન અનુમાન કરી લેતું હતું કે પપ્પા ક્યાં હશે? બન્ને કાનમાં ખોસેલી આંગળીઓ હટાવતાં હું બોલી ઊઠ્યો, 'આ માણસને તો ડિસિપ્લિનના ડબ્બાઓ ભેગો રાખવો જોઈએ. પાછું નામ રાખ્યું છે સરલ' અને ત્યાંથી ઊભો થઈને અંદરના રૂમમાં જતો રહ્યો. કાગળ અને પેન લઈ કશુંક લખવા બેઠો.

આ ડિસિપ્લિન માસ્ટરની ખોપડીમાં ડિસિપ્લિન સિવાય બીજું કશુંય ભર્યું નથી. આવા પપ્પા કંઈ ગમે? જો પપ્પાને બદલી શકાતા હોત તો હું સૌથી પહેલો આ પપ્પાને બદલી નાખું. કોણ જાણે મમ્મીએ આવા પપ્પા કેમ પસંદ કર્યા હશે? એ મમ્મી સાથે તો સરસ રીતે બોલે છે. જ્યારે મારી સાથે મિલિટરીની ભાષામાં... આવું કેમ? મારી મમ્મીને પણ પપ્પા બહુ ગમે છે. આનામાં ગમવા જેવું છે ય શું? મને તો એ જ સમજાતું નથી. ને થોડી વાર પછી વ્હીલચૅર આ તરફ આવતી જણાઈ. મને આમ લખતો જોઈ એ ત્યાંથી પાછા વળી ગયા ને મેં લખવાનું બંધ કર્યું.

'અરે! આ પાછું...?' એટલું બોલીને એ અટકી ગયા. વ્હીલચૅરમાંથી હાથ લંબાવી, રંગો જે તે બોક્સમાં ભરી ચિત્રપોથી સાથે બધું લઈને મારી પાસે

મૂકી એ તરત પાછા જતા રહ્યા. દીકરો કંઈક લખે છે, એમાં જરાય ડિસ્ટર્બન્સ વળી કેવું? પણ મારા મનમાં એમના પ્રત્યે વળેલી ગડમથલની ગૂંચ હું કેમેય કરીને ઉકેલી શકતો ન હતો. એ લખેલો કાગળ મેં મારા પલંગના ગાદલા નીચે મૂકી દીધો. વ્યથિત મનને બીજી દિશાએ વાળવા માટે ભીંતે લગાવેલા મોડર્ન આર્ટના પોસ્ટરને સમજવાના પ્રયત્નોમાં લાગ્યો. ત્યાં યાદ આવ્યું કે રોજ સવારે ચાદર ઝાપટતા પપ્પાને નજરે આ ચિઠ્ઠી ચડી જશે તો? ચાદર બદલે ત્યારે ચિઠ્ઠી ચાડી ખાય તો? ને ચિઠ્ઠી સંતાડીને પોતાની ચોપડીઓના કબાટમાં મૂકી દીધી.

ત્યાં તો બબાલબારી ધડામ કરતી ખૂલી. 'આ તારા કબાટ સામે તો જો જરા, આના કરતાં તો કબૂતરનો માળો સારો હોય. મા સરસ્વતીનો જ્યાં વાસ હોય ત્યાં આવું અસ્તવ્યસ્ત? પુસ્તકો તો થપ્પીબંધ ગોઠવીને રાખવાનાં હોય, એ બાબતે કોઈ શક? કેટકેટલી વખત કહ્યું છે તને?' ને એમના આવા બૂમબરાડાથી કદાચ બોમ્બે ધણધણ્યું હશે!

એ રાત્રે મમ્મી નોકરીએથી મોડી આવી. છતાંય એને જરાય ન લડ્યા ને મારે આવતાં રાત્રે નવ વાગી જાય તો તો... મારું આવી જ બને. કેમ મમ્મીને જરાય ન લડાય? ઘરમાં હું નાનો છું એટલે મને જ લડવાનું? મમ્મીના માથે ને બરડે હાથ ફેરવતાં કેવું કહેતા હોય છે કે, 'બકુ, તને બહુ કામ કરવું પડે છે નહીં? સાચું કહું તો... આ મારાથી જોવાતું જ નથી.' ને એમ બોલતા બોલતા કેવા આંખો લૂછતા હતા. પણ... સાચી વાત કરું તો એ રડ્યા એ મને બહુ ગમ્યું. એ રડવાને જ લાયક છે. મને તો એવું બોલતાં બોલતાં તાલી પાડવાનું મન થઈ આવ્યું હતું. પણ એમ કંઈ થાય? પાછી મારી મમ્મી પણ કેવી? પપ્પાની પીઠને થપથપાવતાં કહેતી હોય છે કે, રથનું એક પૈડું ક્ષતિગ્રસ્ત થાય ત્યારે બીજાએ સક્ષમ બનવું જ રહ્યું, આમાં હું કંઈ જરાય નવાઈ કરતી નથી.

'પણ હું ઘરે બેસી રહું ને તારે..'

'ચાલો હવે, વાત બદલો માય ડિયર... આજે શું બનાવ્યું છે એ તો કહો?'

'આજે સેવઉસળ'

'વાહ ભાઈ વાહ... ને સજાવેલા ડાઇનિંગ ટેબલ ઉપર ત્રણેય જણાં ગોઠવાઈ ગયાં. રસોઈકળામાં ક અક્ષરથી અપરિચિત એવા સરલે ઘેર બેઠાં બેઠાં રસોઈમાં પણ માસ્ટરી મેળવી લીધી હતી. હવે તે youtube ના સહારે નિત્ય નવી વાનગીઓ ખાતો ને ખવરાવતો. હેલીને હવે ઘર બાબતે જરાય ચિંતા રહેતી જ નહીં. વળી સ્વચ્છતા બાબતે તો સરલની તોલે કોઈ ન આવે. અરે! ઘરની તમામ જવાબદારીઓ હસ્તે મુખે સ્વીકારી એમાં મશગુલ રહેતો. ટેસ્ટી ટેસ્ટી સેવઉસળને ન્યાય આપી થોડી વાતો કરી સહુ સાથે બેસીને ટીવી જોયું. ને પછી કાળી ભમ્મર રાતલડીના બિછાવેલા પાલવમાં નિદ્રાધીન થવાને સહુ બેડરૂમમાં આવ્યાં. મનની ને તનની શાંતિ માટે સર્જનહારે સરજેલી આ ક્રિયાને વંદન કરતાં સરલે પલંગના હાથા પકડીને વ્હીલચૅર છોડી. થાકી-પાકી હેલી પણ પડતાં વેત નસકોરાં બોલાવવા લાગી. પથારીમાં પડતાંવેંત નીંદર આવે એને રાત ગમતીલી લાગે પણ જેની નીંદર વેરણ થઈ હોય એને પૂછો તો સમજાય. મારી આંખો હજુ બીડાતી ન હતી, પપ્પા-મમ્મીને આમ ઘસઘસાટ ઊંઘતા જોઈને હું ઊઠ્યો. ચોપડીઓના કબાટમાંથી પેલો કાગળ કાઢીને વાંચ્યો. બરાબર છે... ચિઠ્ઠી પહેરેલા નાઈટ ડ્રેસના ખીસામાં મૂકીને પાછો હળવે પગલે બેડરૂમમાં આવ્યો. મમ્મીની બાજુમાં સૂતેલા પેલા ડિસિપ્લિન ઉપર એક નજર પડી. અંધારી રાત્રે ચાંદાના પ્રકાશમાં ને ડિમ લાઈટના અજવાળામાં ઘસઘસાટ ઊંઘતા એ ચહેરા પરની કરડાકી કઠી. પ્રેમના ઝરણા જેવો મમ્મીનો સૌમ્ય ચહેરો ચૂમી લેવા એ ઇચ્છતો હતો પણ એમ કંઈ થાય? મમ્મીનો હાથ પકડીને સૂઈ જવાનું મન થયું પણ એ શક્ય ન હતું. બંનેના ચહેરાઓને વાંચતો-ઉકેલતો ઊભો હતો ત્યાં


ISSN 0976-9609

કૂતરાઓ ભસવાનો અવાજ આવતાંની સાથે પોતાની પથારીમાં આડો પડી ગયો. એક-બે-ત્રણ નહીં, અનેક કૂતરાઓ સમૂહમાં ભસતાં હતાં. એ અવાજથી પપ્પા જાગ્યા, મેં મારી આંખ બીડી દીધી. પણ પછી ભસતા કૂતરાઓની લોરીએ સુવાડ્યો કે એ કરડાકીભર્યા ચહેરાએ... કશુંય યાદ નથી. પણ જ્યારે બીજા દિવસે હું જાગ્યો ત્યારે, ત્યારે... પપ્પા મારી મમ્મીના કપાળ ઉપર પોતાં મૂકતા હતા. હું ઊંઘવાના ડોળ સાથે પડી રહ્યો અને જીણી આંખે જોતો રહ્યો, સાંભળતો રહ્યો. 'જો તેં આ દવા લીધી છે ને તો થોડી ચા પી લે.'

'ના, મન નથી.'

'એમ ન ચાલે.' ને કરડાકીભર્યા ચહેરાએ પૂછ્યું, 'તો બોર્નવિટા બનાવી લાવું?'

'અડધો કપ જ'

ને એ વ્હીલચૅર સાથે ભાગ્યા. થોડીવારમાં બોર્નવિટા ભરેલો મગ મમ્મીને આપતાં બોલ્યા, 'લે... આટલું પી જા બકા. દવા સાવ ભૂખ્યા પેટે તો ન જ લેવાય, એ ખબર છે ને?'

'હા'

'વેરી ગુડ માય ડિયર, ઠંડી ઓછી થઈ હવે? શાલ ઉપરનો ધાબળો રહેવા દઉં કે લઈ લઉં?'

'તમે આખી રાતના જાગો છો, હવે થોડોક આરામ કરો.'

'હું તો આખો દિવસ ઘરે નવરો જ છું ને. આરામ જ કરું છું આખો દિવસ. જો હેલી, સાચું કહું તો તમે બન્ને મારો શ્વાસ ને પ્રાણ છો. જો તમારા બેમાંથી કોઈને કંઈ પણ થાય ને તો...' ને ભીની આંખો સાથે એમનાથી જોરદાર ડૂસકું ભરાઈ ગયું.

'સાવ આવા નરમ ન બનો યાર, યાદ રાખો કે તમે કોણ? કારગિલ યુદ્ધમાં પ્રાણના ભોગે દુશ્મનના બંકરમાં ઘૂસી દુશ્મનોનો સફાયો કરીને શૌર્યચક્ર મેળવનાર...'

-ને પથારીમાંથી બેઠા થતાં મારા મુખેથી સહસા શબ્દ સરી પડ્યો, 'મિલિટરીમેન.'

'શાબાશ દીકરા....' મારા બોલને વધાવતાં મમ્મી આગળ બોલી, 'તમે જેવા છો એવા... પણ મારી હિંમત છો. મારી જ નહીં, મારા આ ધ્વનિલની પણ. મને યાદ આવે છે આમ વર્ષો પહેલાં આખી રાત સખત તાવના કારણે મારી આવી જ પરવરીશ મારા પપ્પાએ કરેલી. તેવી રીતે જ આજે તમે...' ને મમ્મી એકદમ ભાવુક બની ગઈ.

મમ્મીના કપાળેથી ભીનું પોતું બદલતા પપ્પાને હું એકીટસે બસ જોઈ જ રહ્યો. કોણ જાણે એમના પેલા બોલથી કે પછી ઈશ્વરના કોઈ દોરી-સંચારથી... પણ પેલી નાઈટડ્રેસના ખીસામાં રહેલી ચિઠ્ઠી જાણે ઉતાવળી બની બેઠી. મારા હાથને મારા મનનો સાથ મળતાં જ અનાયાસે કાગળવાળો હાથ લંબાઈ ગયો ને બોલી ઊઠ્યો, 'તમે મારા પપ્પા જ નથી, મારી મમ્મીના પણ પપ્પા છો હોં!'

ને જાણે એક શ્વાસે દોડતો મારા રૂમમાં જઈ નાઈટડ્રેસના ખીસામાં રહેલી પેલી ચિઠ્ઠીને બહાર કાઢીને પેન લઈ મેં સુધારી દીધું, 'જો પપ્પાને બદલી શકાતા હોત તો પણ... હું તો આ જ પપ્પા ને આવા જ પપ્પાને પસંદ કરું. એમાં કોઈ શક!'

---

૪૫, "શિવસ્ય" ઊર્જાનગર વિભાગ-૧,
સિટી પલ્સ થીએટરના ખાંચામાં, રાંદેસણ,
ગાંધીનગર. ૩૮૨ ૪૨૬, (મો) ૯૯૦૯૬૪૧૨૬૨
ઈમેલ:pinakingira84gmail.com

## ।। ચિંતન-કણિકા ।।

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

"All the world is a stage,
And all the men and women merely players;
They have their exits and their entrances,
And one man in his time plays many parts,
His acts being seven ages."
(William Shakespeare's As You Like it Act:II Scene:VII)

વિલિયમ શેક્સપિયરની રોમેન્ટિક કોમેડી 'એઝ યુ લાઈફ ઈટ'માં એક સામાન્ય પાત્ર જેકવીસ દ્વારા બોલાયેલ ઉપરોક્ત પંક્તિઓ નાટ્યકારની સૌથી વધુ પ્રચલિત, ચર્ચિત અને મશહૂર પંક્તિઓમાં સમાવિષ્ટ થાય છે. જેકવીસ એ દેશવટો પામેલ રાજાના એક વફાદાર સાથી તરીકે રાજાની સાથે ફોરેસ્ટ ઓફ આર્ડનમાં પોતાના દિવસો ગુજારે છે. જ્યારે તે જંગલમાં પોતાના ભાઈ ઓલીવર દ્વારા અન્યાય પામેલ નાયક ઓરલેન્ડો તે જંગલમાં આવે છે ત્યારે તેની સાથે જેકવીસનો વાર્તાલાપ થાય છે તે દરમ્યાન જેકવીસ ઉપરોક્ત પંક્તિઓ બોલે છે જે દ્વારા તે સામાન્ય હોવા છતાં અસામાન્ય પાત્ર બની જાય છે.

જેકવીસની ઉપરોક્ત પંક્તિઓમાં એક તાત્ત્વિક સ્પર્શની સાથે માનવ જીવનનું સંપૂર્ણ સત્ય પણ ઉજાગર થાય છે. નાટ્યકાર ઉપરોક્ત પંક્તિઓ દ્વારા સૂચવે છે કે આ સમગ્ર વિશ્વ એક રંગમંચ છે અને તમામ વ્યક્તિઓ કોઈને કોઈ કિરદાર નિભાવવા આવેલ પાત્રો છે. દરેક વ્યક્તિ પોતાનો કિરદાર નિભાવીને વિશ્વમાંથી વિદાય લેતો હોય છે. સમગ્ર માનવ જીવન એ સાત અંકોમાં વહેંચાયેલ નાટક છે. મનુષ્ય પોતાના જીવન દરમ્યાન સાત તબક્કામાંથી પસાર થાય છે. અને પ્રત્યેક તબક્કો જીવન-નાટકનો એક અંક હોય છે.

માનવ જીવનનો પ્રથમ અંક તેનો શૈશવકાળ છે. જીવનનાં આ અંક દરમ્યાન રડવું, માતા અથવા પરિચારિકાના ખોળામાં પણ ઊલટી કરવી અથવા બીજી કુદરતી ક્રિયાઓ થઈ જવી તે સ્વાભાવિક છે. આ એક એવો તબક્કો હોય છે જ્યારે માતાના ખોળામાં સ્વર્ગથી પણ વધુ સુખનો અહેસાસ થાય છે. પરંતુ, જીવનનો આ પ્રથમ અંક વધુ લાંબો સમય ચાલતો નથી અને બાળક જીવનના બીજા તબક્કામાં અથવા તો જીવનરૂપી નાટકના બીજા અંકમાં પ્રવેશે છે. આ અંક દરમ્યાન બાળકને માતાનો ખોળો અને ઘરનો વિસામો અળગો કરીને નિશાળે જવાનું શરૂ થાય છે અને બાળકની ઇચ્છા વિરુદ્ધ હોવાથી બાળકનું રડવું આ અંકની ખાસિયત છે. સમયના વહેણમાં માનવજીવનનું નાટક ત્રીજા અંકમાં પ્રવેશે છે. શૈશવકાળને અલવિદા કરીને માનવી મુગ્ધાવસ્થા જેને સર્વે ટીન-એજ તરીકે ઓળખે છે, તેમાં પ્રવેશે છે. જીવનના આ અંક દરમ્યાન વિજાતીય વ્યક્તિ પ્રત્યે આકર્ષણ થવું, કોઈ વ્યક્તિ ગમી જાય, ગમી ગયેલ વ્યક્તિના દેહરૂપ ઉપર કવિતા રચવી જેવા સ્વાભાવિક લક્ષણોમાં વ્યક્તિ વ્યસ્ત રહે છે. આ જીવનનો એ અંક છે. જે દરમ્યાન જો મુગ્ધ વ્યક્તિને સાચું માર્ગદર્શન મળે તો જીવનની ગાડી સાચી દિશામાં આગળ વધે અને જો યોગ્ય માર્ગદર્શનનો અભાવ હોય તો જીવનની ગાડી અવળા માર્ગે ચડીને અકસ્માત નોતરે છે. પરંતુ મુગ્ધાવસ્થાને પાર કરતાં જ જીવનનો ચોથો અંક શરૂ થાય છે. તે અંક છે યુવાનીનો. જીવનનો આ તબક્કે નામ, માન મરતબો અને પ્રશંસાની તાલાવેલી જોવા મળે છે. આવા માન, મરતબા માટે વ્યક્તિ તોપનાં નાળચામાં પોતાનું માથું નાખવા પણ તૈયાર થઈ જાય છે. પોતાની વાહ વાહ થાય તે માટે કોઈ પણ જોખમ ઉઠાવવા જીવનના આ અંકમાં તૈયાર થઈ જાય છે. જીવનરૂપી નાટકનો પાંચમો અંક છે ઠરી-ઠામ થવાનો. આ તબક્કે વ્યક્તિ


ISSN 0976-9609

સમજદાર અને વર્તનમાં સૌમ્ય બને છે. બીજાને કહેવતો અને રૂઢિપ્રયોગો દ્વારા દષ્ટાંત આપે છે. ઠરીઠામ થયો હોવાને કારણે તંદુરસ્તી વધતા પેટ થોડું બહાર આવે છે. યુવાનીમાં કરેલા ઉત્પાત હવે ભૂતકાળ બની જાય છે.

માનવ-જીવનરૂપી નાટકના છેલ્લા બે અંક માનવીને પોતાની ઓસરતી ક્ષમતાઓનો અહેસાસ કરાવે છે. જીવનના છઠ્ઠા અંકમાં પ્રવેશતાં માનવીને પોતાની શારીરિક અને માનસિક ક્ષમતાઓ ઓસરતી હોવાનો અંદાજ આવી જાય છે. પોતાની ઓસરતી અને ઓગળતી ભૂજાઓની તુલનામાં એક સમયે જે કપડા ફીટ થતા હોય તે ઢીલા પડવા લાગે છે. એક સમયે જે અવાજ પડછંદ હતો તે હવે ઝીણો, પાતળો અને નિર્બળ બનતો ભાસે છે. સ્વજનો દ્વારા મળતા માન, મરતબો અને મહત્ત્વમાં પણ ઓટ આવવાનો અહેસાસ થાય છે. દરેક શ્વાસની સાથે ઝીણી સિસોટી વાગતી હોય છે. અને ત્યારબાદ આવે છે. જીવન-નાટકનો આખરી સાતમો અંક. આ તબક્કા દરમ્યાન માનવી આંખ, કાન અને દાંત વિહોણો બને છે. એટલે કે નથી બરોબર દેખાતું, નથી બરોબર અન્ન ચવાતું અને નથી કશું સંભળાતું. આખરે કેટલીક ઘટનાઓનો સાક્ષી માનવરૂપી ઇતિહાસ ચિર નિદ્રામાં પોઢી જાય છે અને માટીનો બનેલો દેહ ફરીથી માટીમાં રૂપાંતર થઈ જાય છે.

પ્રસ્તુત પંક્તિઓમાં શેકસપિઅરની માનવ જીવનની ઊંડી સમજ અને અવલોકન શક્તિનો પરિચય આપણને મળે છે. માનવ જીવનની મુશ્કેલીઓ અને વિટંબણાઓને ખૂબ જ નજીકથી જોઈ અને અનુભવી હોવાથી માનવજીવનનું સાચું દર્શન ઉપરોક્ત પંક્તિઓમાં જોવા મળે છે. તેઓ જીવનનાં કર્મ અને મર્મથી સુપેરે પરિચિત હોવાની સાબિતી ઉપરોક્ત પંક્તિઓમાં જોવા મળે છે.

---

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

---

## ॥ વિદ્યાવૃત્ત ॥

### સીવીએમ એફસી અંડર-૧૭ના ખેલાડીઓનું ગૌરવ

આદિત્ય પોલ ગુજરાત ટીમના કેપ્ટન તરીકે મધ્યપ્રદેશ જશે.

ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિવર્સિટી હેઠળ વિદ્યાનગરના શાસ્ત્રીમેદાન ફૂટબોલ ગ્રાઉન્ડ પર સીવીએમ એફસી દ્વારા નિયમિત રીતે યુવા ખેલાડીઓ માટે ફૂટબોલ ટ્રેનિંગ ચાલી રહી છે.

આ તાલીમમાં પ્રતિદિન મહેનત કરતા ખેલાડીઓ આદિત્ય પોલ અને અનિષ પ્રધાને બલરામ ક્ષત્રિય અંડર-૧૭ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ દરમિયાન પ્રશંસનીય પ્રદર્શન કરીને ગુજરાત રાજ્ય ટીમમાં પસંદગી મેળવી છે. આ બંને ખેલાડીઓ હવે ૨૬ થી ૩૧ જુલાઈ-૨૦૨૫ દરમિયાન મધ્યપ્રદેશમાં યોજાનારી પ્રતિષ્ઠિત ડો. બી.સી. રોય ટ્રોફીમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

ગૌરવની વાત એ છે કે, આદિત્ય પોલને ગુજરાત રાજ્ય ટીમના કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે ચરોતર વિદ્યામંડળના ચેરમેન એન્જિ. શ્રી ભીખુભાઈ પટેલ, શ્રી મનીષભાઈ પટેલ, (વાઈસ પ્રેસિડેન્ટ, સીવીએમ), શ્રી વિશાલભાઈ પટેલ (સંયુક્ત સચિવ, સીવીએમ) અને શ્રી મેહુલભાઈ પટેલ, સંયુક્ત સચિવ સીવીએમ તેમજ જિલ્લા ફૂટબોલ સંઘના અધ્યક્ષે બંને ખેલાડીઓને અભિનંદન પાઠવી તેમને પ્રોત્સાહન આપતાં કહ્યું કે, ચરોતર ક્ષેત્ર માટે આ એક ગૌરવની ક્ષણ છે. ચરોતર વિદ્યામંડળ હંમેશાં ચરોતર વિસ્તારના ખેલાડીઓને જરૂરી સહાય અને માગર્દશન આપવા માટે પ્રતિબદ્ધ છે.

## ।। સમીક્ષા ।।

## વતનની નાભિનાળ

**પ્રવીણ ગઢવી**

શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ એ કાકાસાહેબ કાલેલકર, સુરેશ જોશી અને ભોળાભાઈ પટેલની લલિત નિબંધ પરંપરાના એક પ્રથિતયશ નિબંધકાર છે. તેઓ પ્રકૃતિ અને પદાર્થ પર અવનવા નિબંધ સર્જી શકે છે. એમને કોઈપણ વિષય આપો, તેની ઉપર ચિંતનાત્મક નિબંધ ભેટ આપી શકે છે. ઉમાશંકર-સુંદરમના યુગમાં 'જાજરૂની માખી' કે 'ચૂસાયેલા ગોટલા' પર કાવ્ય રચાતાં, એમ શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ પણ 'નેવાં', 'ઊધઈ', 'તિરાડ', 'કિનારો', 'રોટલો' અને 'કચરાં-પોતાં' જેવા વિષયો ઉપર પણ નિબંધની સરસ માંડણી કરી શકે છે, એ એમની વિશેષતા છે.

તાજેતરમાં પ્રગટ થયેલો 'નાભિનાળ' નિબંધસંગ્રહ એમના 'પ્રકૃતિપર્વ', 'પદાર્થપર્વ', 'અંતઃપર્વ', 'અભાવનું ઐશ્વર્ય', 'આથમતાં અજવાળાં', 'ઓલવાતા દીવા ઉજળી વાટના' આદિ વિપુલ સંગ્રહો પછીનો સંગ્રહ છે.

સંગ્રહના એમના નિવેદનમાં નિબંધકાર લખે છે કે 'નાભિનાળને નાતે માણસ પોતાના વતન સાથે જોડાયેલો છે. વળીવળીને એ ગામ ભણી જૂએ છે.' નાભિનાળ એટલે નારડો. માતા અને શિશુનો સંબંધ. શિશુજન્મ પછી તે તો કાપવો જ પડે છે, પરંતુ વતન સાથેનો નારડો (નાભિનાળ) કદાપિ કપાતો નથી !

વળી લખે છે કે 'આ નિબંધો કેવળ દસ્તાવેજીકરણ નથી, એમાં લાલિત્યનો અનુભવ પણ ભાવક કરી શકશે.' સર્જકની આ વાતમાં દમ છે. કેમકે તેમના નિસર્ગ નિબંધોમાં કવિતાનાં ફૂલ વગડાઉ ફૂલોની જેમ ખીલતા-લહેરાતાં દેખાય છે.

પ્રસ્તાવનાકાર શ્રી યશોધર રાવલે આ નિબંધોને 'ભીતરી વ્યક્તિતા સાથે ગુજરાતી નિબંધનો નોખો ઊજળો ચહેરો પ્રગટ કરતા' કહ્યા છે, તે યથાયોગ્ય છે. 'નાભિનાળના નિબંધો લાલિત્ય અને ચિંતનના સ્વાદિષ્ટ મિશ્રણ' જેવા છે. અલબત્ત, ચિંતનાત્મક નિબંધોનું આધિક્ય છે.

પહેલો નિબંધ 'નાભિનાળ' જેના પરથી સંગ્રહનું નામાભિધાન થયું છે, તે સંગ્રહનો શિરમોર નિબંધ છે.

સર્જકનું ગામ 'નાદરી ગાંધીનગર શહેરની કેડ્યમાં ચૂપચાપ બેઠું છે.' સર્જક બાળકિશોર અવસ્થામાં હતા ત્યારે તો ગામે, જવા નેળિયામાર્ગ જ હતા. ગામમાં ન મળે દુકાન, ન ઘંટી, ના દવાખાનું કે ના નિશાળ. લાઈબ્રેરી તો ક્યાંથી હોય ? રામજીમંદિર, મહાદેવ અને ખડિયાર, એમ ત્રણ દેવાલય હતાં. વળી ગામમાં ભુવા-ટોપી પહેરાવનારા અને ઉતારી લેનારાય ખરા !

આપણા બહુધા નિબંધસર્જકો ગ્રામપ્રેમી, વતનપ્રેમી, નોસ્ટાલજીક છે. ઘર-ગામ વિયોગના દર્દી છે. શહેરની સગવડો ભોગવવી પરંતુ તેમને વખોડવી અને અવગડો તથા ખટપટથી ખદબદતાં ગામડાંને વખાણવાં એવી વૃત્તિ રહી છે. શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ, વતનને વખાણે પણ છે અને વખોડે પણ છે. ગામમાં ભજનવાળીની ફકીરીમાં જીવતા ભગતોય હતા અને મંદિરના મહારાજ નવરાધૂપ ! તીનપત્તી રમે, રમાડે અને ગામનાં છોકરાંને રવાડે ચઢાવે તો પણ બાવાજીના અવગુણોની નોંધ સુદ્ધાં ન લેવાય ! અલબત્ત, અગવડો-અભાવો વચ્ચે આનંદ હતો. સર્જકને શહેરના લોકોનાં મન સાંકડાં લાગે છે, જ્યારે ગામડામાં મનની મોકળાશ લાગે છે. તેમના મતે 'ભાઈઓ ઝઘડતા, અબોલા લેતા, પ્રસંગે રિસાતા, પરંતુ એ લોકો કંઈ દેવ નહોતા. છતાંય પ્રસંગ આવ્યે ભાઈચારાનું ઝરણ ફૂટી નીકળતું.' માણસ બધે સરખો; દેશનો હોય કે વિદેશનો; ગામનો હોય કે નગરનો; ગામડાના લોકો ભોળા અને ઉમદા, નગરના લોકો લુચ્ચા, નકામા એવું સાદું સમીકરણ માંડી ન શકાય. સર્જકને ગામડામાં



ISSN 0976-9609

ઘણી અગવડ હતી. નળિયા ચૂતું કાચું ઘર, વેરઝેર, ઈર્ષા હોવા છતાં શહેરમાં પાંચેક દાયકા રહેવાથી ઘણી સગવડ મળ્યા છતાં કોઈ વતન પૂછે તો સર્જક ફટ નાદરીનું નામ આપે છે. જોકે આપણે ત્યાં સાધારણ પરિચય થાય કે તરત 'કયાંના' અને 'કેવા ?' પ્રશ્ન લમણે વાગે જ. 'ક્યાંના' તો ઠીક, ગામનું નામ દઈએ, પણ 'કેવા ?' એટલે નાતજાત. પ્રશ્નકર્તા નાતથી તમે ઊંચા કે નીચા એ એના ચહેરાના ભાવ પરથી નક્કી થાય. 'કેવા ?' પ્રશ્ન દલિતને તો કાળજે કટારી ભોંકાય એવો લાગે !

'પાનરૂપ જૂજવાં' નિબંધમાં વૃક્ષોનાં વિવિધ આકારનાં, રંગનાં પર્ણોનો સર્જકે મહિમા કર્યો છે. તેઓ પૂછે છે, 'પર્ણો સાથે તમે ક્યારેય સંવેદ કર્યો છે. ?' મને કોઈપણ વૃક્ષનાં પર્ણોને અડવું-પંપાળવું ગામતું. તે કવિમિત્ર નીરવ પટેલને ખૂબ ગમતું, સ્પર્શથી સંવાદ રચાય છે. !

'પવનને પર્ણ વહાલાં પણ પર્ણને પવન !' સર્જક સરસ વાત કરે છે. સામાન્યતઃ બધાં પર્ણ હરિત રંગના હોય પરંતુ સર્જક એની અનેકવિધ છાયાઓ જોઈ શકે છે. ચિત્રકારની આંખમાં એક રંગની કેટલી બધી છટાઓ, કેટલા બધા શેડ્સ હોય ? સર્જક સરસ રીતે વૃક્ષની ખાધપ્રક્રિયાને મૂકે છે. ! પર્ણો વૃક્ષના શ્વાસ છે. વૃક્ષો પર્ણો દ્વારા શ્વાસ-ઉચ્છ્વાસ તો લે છે, પરંતુ સૂર્યપ્રકાશની સહાયથી ખોરાક પણ ઉત્પન્ન કરે છે. પર્ણોના વિવિધ આકારો-લીમડાના પાનમાં કિનારીએ ઝીણાઝીણા ખાંચા હોય, જાણે કે કરવત. જ્યારે કેળનાં પર્ણો મહાકાય, મહાપર્ણ કે દક્ષિણ ભારતીયોનાં લીલાં પતરાળાં ! આંબા અને. આસોપાલવનાં પર્ણો - બંનેય શુકનવંતા, તેનાં તોરણ થાય. મારા ગામ મોઢેરાના સૂર્યમંદિરમાં પથ્થરમાં કોતરેલા પર્ણોનાં તોરણ લટકે છે. નાળિયેરી અને વાંસના પર્ણો છાંયો ન આપે તેવાં. પરંતુ પવનમાં સંતૂર જેવી સુરાવલિ પ્રગટાવે. પાનખર પછી વસંત અને પર્ણોની મોસમ. સર્જક તેને 'નૂતન વસ્ત્રો' કહે છે. 'પર્ણો, પંખીઓનું પિયર' એવી સરસ કલ્પના પણ સર્જક કરે છે. પર્ણો વગરનાં વૃક્ષ સર્જકને 'નાગા બાવા' જેવાં લાગે છે. અંધારાનેય પોતીકું અજવાળું હોય છે. નિબંધમાં લેખક અંધારામાં પણ અજવાળાના શેડ્સ ભાળે છે. કવિ શ્રી પ્રહ્લાદ પારેખની જેમ સર્જકને અંધાર ખુશ્બોભર્યો લાગે છે.

ચૈત્રીગંધમાં સર્જક ચૈત્રગાન ગાય છે. ફાગણ રંગનો તો ચૈત્ર એ ગંધનો મહિનો. સર્જક કહે છે, ચૈત્રના લીમડાની કડૂચી, મહુડાની માદક ગંધ સર્જકને આવે છે. ખંડાતાં ધાણાજીરાની ગંધ પણ સર્જક પારખે છે. આકાશમાંથી મધ્યાહ્ને ધોધમાર તડકો વરસે છે. મોગરા અને સેવનનાં ફૂલોની સુગંધ હવામાં પ્રસરી રહી છે, તો મોગરાની વેલ પર તો પૂર આવ્યું છે. મધરો દારૂના જનક મહુડા પણ માદક પુષ્પો વેરે છે. ચૈત્રમાં મહુડાને વહેલી સવારે દાનવીર થવાની ચળ ઊપડે છે. સર્જક નાવીન્યપૂર્ણ ઉપમાઓ પ્રયોજે છે. મોગરો રજિસ્ટર્ડ સ્પીડપોસ્ટની ત્વરાથી નાસિકામાં પ્રવેશે છે. વૃક્ષો ગંધના આંગડિયા જેવાં પણ લાગે છે !

'નમતો પહોર' નિબંધમાં સર્જકે ઉગતા નહિ, પણ આથમતા સૂરજનો મહિમા કર્યો છે. નિબંધનો ઉઘાડ સરસ છે. નમતો પહોર એટલે સાંજ તરફ ઢળતો સમય અર્થાત્ પૂર્વ સંધ્યાકાળ. સર્જક એનું નાટકીય ચિત્રો આપે છે. 'તિમિર નામના પાત્રનો, સમયના રંગમંચ ઉપર જ્યારે પ્રવેશ થાય છે, તે નમતો પહોર !'

'નમતા પહોર પાસે નથી મધદરિયે થતાં તોફાનો કે નથી યૌવનની મસ્તી. તેની પાસે શાતા છે, નમ્રતા છે, વળી સવારથી દોડતો સમય હાંફવા લાગે એ ક્ષણો નમતા પહોરની છે.'

સર્જક અવનવી ઉપમાઓ આપે છે. 'નમતો પહોર છાશ ભરેલું છાલિયું છે. તેની પાસે ટાઢાશનાં વસ્ત્રો અને નરમાશનાં શસ્ત્રો હોય છે.' પૌરાણિક મિથનો ઉપયોગ કરતાં સર્જક કલ્પે છે. 'દુર્વાસા એ મધ્યાહ્નનો પહોર છે. જ્યારે સાંદિપનિ ઋષિ એ નમતો

પહોર છે રાવણની વાસના બળબળતો પહોર છે તો રામની શાતા નમતો પહોર કહી શકાય.'

સર્જક નમતા પહોરનાં દશ્યોનો સરસ સ્કેચ દોરી આપે છે. ગોધૂલિ વેળા ઉડતી ધૂળ, ભેંસ ગાય દોહતાં થતા શેડના અવાજ, દેવાલયનો ઘંટારવ, વળી રાતરાણીના ગર્ભમાંથી સુગંધની ધારા ફૂટે. ખેતીમાં જોતરેલા બળદોને ખભેથી ધૂંસરી હેઠે ઊતરે, તે નમતો પહોર ! નમતો પહોર ઘડપણની અવસ્થા પણ સૂચવે છે. સર્જક વૃદ્ધાવસ્થાને માણસના જીવનનો નમતો પહોર કહે છે. સાથે જ વૃદ્ધે પોતાનો સૂરજ ક્યારે આથમશે તેથી પ્રતીક્ષા જ કરવાની રહે છે. !

'અષાઢી જળદીવા' નિબંધ કાલિદાસના 'અષાઢસ્ય પ્રથમ દિવસે' કાવ્યની યાદ અપાવે તેવો છે. સર્જકે અષાઢને ધરાનો અતિથિ કહ્યો છે. તેની વર્ષાથી ધરા સ્નેહાસકત થઈ જાય છે. સર્જકને નાભિ શબ્દ પ્રિય લાગે છે. અષાઢની નાભિમાંથી મેઘને નીકળતો તેઓ કલ્પે છે.

મેઘનું સંગીત કાને ધરવા વૃક્ષો સ્થિર થઈ જાય છે. સરસ કલ્પના છે. જોકે સર્જકે જળબિંદુઓને જળદીવાની ઉપમા આપી છે, તે સહજ જણાતી નથી, યથાયોગ્ય બંધબસતી લાગતી નથી.

'શ્રાવણી ક્ષણોનું સંગીત'માં સર્જક અષાઢ અને શ્રાવણનો વિરોધાભાસ રચી આપે છે. સર્જક કહે છે, અષાઢને જેટલાં લાડ પ્યાર મળ્યાં છે. તેટલાં શ્રાવણ, ભાદરવો કે આસોને મળ્યાં નથી. પરંતુ શંકર જેવા ત્યાગી દેવતાને પણ રાગી બનાવવાની ક્ષમતા શ્રાવણના લોહીમાં છે! સર્જક શ્રાવણના વરસાદને જનપદનો વરસાદ કહે છે.

સર્જક અકલ્પ કલ્પનાઓ કરે છે. શ્રાવણ અષાઢનું દુઃખ જોઈ ટેવાઈ ગયો છે. અષાઢે બળબળતી ધરાને ઠારવાની હોય છે, જ્યારે શ્રાવણે તો ઠરેલી ધરાને વધુ ભીની કરવાની હોય છે. અષાઢને ધૂળમાં ન્હાતી ચકલી, ઠાલાં વાવ-તળાવમાં ઈંડા મેલતી ટિટોડીઓ... વગેરેનો પરિચય છે. જ્યારે શ્રાવણ આર્દ્રતાનો, ભક્તિનો મહિનો છે. અષાઢ પ્રણયનો મદીલો મહિનો છે, તો શ્રાવણ મંગલમય દાંપત્યનો મહિનો છે. આમ સર્જકે ઘણા વિરોધાભાસ કલ્પી આપ્યા છે.

'નેવાં' જેવા સામાન્ય વિષય પર પણ શ્રી ભગીરથભાઈ નિબંધ રચી શકે છે, તે તેમની વિશિષ્ટ શક્તિ છે. શરૂઆતમાં સ્વરચિત કાવ્યપંક્તિ મૂકી છે. ઘરનાં નેવાં ટપકે એમ મોભનાં નેવાં પણ ટપકે, એ કેવું? દેશી નળિયાંવાળાં ઘરોમાં ઢોળાવ સમતલ ન હોય એટલે ઘરમાં ચુવા થાય ! સર્જકને જાત અનુભવ છે. નેવાં પરની કહેવત સર્જક ટાંકે છે. 'નેવાંનાં પાણી ન મોભે ચઢે.' અશક્ય શક્ય ન થાય. જીવતાં સદેહે સ્વર્ગે જઈ ન શકે, એવું ! નેવાનું મૂળ, સંસ્કૃત શબ્દ 'નીવ્ર' છે. નેવાં માટે તેઓ કહે છે, 'નેવાં સ્વભાવે સરળ અને તરલ-સુલક્ષણી નારી જેવાં !' સર્જક હૃદયંગમ ઉપમા આપે છે, કોઈ નારીને આંસુ સમેત નિહાળી છે ! આંખમાંથી ટપકતી એ અશ્રુમાળને હું નારીનાં નેવાં કહું છું ! નેવાં પડતાં હોય ત્યારે તેના નાદ દ્રવ્યથી અંધારી રાતેય પડતા વરસાદનું માપ કાઢી શકાય !

'ઊધઈ' નિબંધમાં વિના નિમંત્રણે આવતી ઊધઈનું મહિમાગાન સર્જક કવિ કરે છે. 'ઊધઈ ગમે તેને કોરી ખાય. તેને કોઈની શરત નડતી નથી. ! ઊધઈ પુસ્તકની મહાશત્રુ પુસ્તક પરમાત્માનું હોય કે પ્રેતનું, તેને મન બંને સરખા !' રવીન્દ્રનાથે પોથીપંડિતોની હાંસી કરવા ઊધઈ પર કાવ્ય રચેલું છે. કોઈ બંગાળી નવલકથા પણ ઊધઈ નામે છે. આપણા સુયશી શ્રી સર્જક શ્રી કેશુભાઈ દેસાઈએ પણ 'ઊધઈ' નામે નવલકથા આપી છે. સર્જકના મતે 'સમાજ કે દેશ પણ ઊધઈનો ભોગ બને છે.'


ISSN 0976-9609

ભારતીય સંસ્કૃતિ પર પશ્ચિમની ઊધઈ આક્રમણ કરતી હોવાનું પણ સર્જકનું મંતવ્ય છે. અલબત્ત, સર્જક ઊધઈના ગુણગાન ગાવાનું ભૂલી ગયા છે, માત્ર દોષારોપણ કર્યું છે. તે વાજબી નથી. ઊધઈ માટીને સમૃદ્ધ કરે છે, અભયારણ્યનાં પડી ગયેલાં વૃક્ષો, ઊધઈને ખાવા દેવાં એવો સર્વોચ્ચ ન્યાયાલયે આદેશ કર્યો છે. ! અલબત્ત, છેલ્લે સર્જક એક સાધુનો અભિપ્રાય મૂકવાનું ચૂક્યા નથી કે ઊધઈ પણ જીવોને પોષે છે, જન્માવે છે, પાળે છે !

'તિરાડ' જેવા વિષય પર નિબંધ ? પણ-આમનું તો નામ જ ભગીરથ, ભગીરથ કાર્ય કરવા જ પ્રગટ થયા છે ! તિરાડનો પણ કેવો સુંદર મહિમા કરે છે, 'કૃષ્ણનો પગ જળને અડતાં જ માર્ગ થયો, જળમાં તિરાડ ઊભી થઈ !' તિરાડની સુંદર કલ્પના !

'ગ્રીષ્મઃ અવનિનું ઐશ્વર્ય' નિબંધમાં ગ્રીષ્મનું નિરુપણ છે. ભારતમાં ગ્રીષ્મ, સર્વ ઋતુથી વિશેષ પ્રભાવક છે, કેમકે તે વર્ષના આઠ માસ રહે છે ! આપણે ત્યાં ચોમાસું બે મહિના અને શિયાળો બે મહિના હોય છે, બાકી તો ગ્રીષ્મનું જ સામ્રાજ્ય પ્રવર્તે છે. છતાં સર્જકને ગ્રીષ્મનો ઊગતાં જ ધગધગવા લાગતો સૂર્ય ક્રુદ્ધ નહિ પરંતુ ધરતીના સૌભાગ્યની પ્રતીતિ કરાવતો ગત્યાત્મક ચાંલ્લો લાગે છે ! ગ્રીષ્મના દિવસો માટે 'ગ્રીષ્મલ' શબ્દ સરસ પ્રયોજ્યો છે.

'કિનારો' નિબંધમાં ઉપેક્ષિત રહેતા કિનારાનાં ગુણગાન સર્જકે કર્યા છે. નદી તોફાની બને તો સહન તો કિનારાએ જ કરવું પડે છે ! શ્રી ભગીરથભાઈ જેવો જ વિચાર રવીન્દ્રનાથે આપ્યો છે. અને નદીને કિનારો કહે છે કે 'હું તારાં મોજાં તો જાળવી શકતો નથી પરંતુ તેનાં પગલાંની છાપ તો મારા હૃદયમાં પાડી રાખું છું !' કિનારો ન હોય તો નદી ન હોય, નદી ફેલાઈ જાય ! કિનારાનું માહાત્મ્ય ગાતાં સર્જક ગંગા-યમુનાના કિનારે વસેલા સંતો-મહાત્માઓનું પણ પ્રાતઃસ્મરણ કરે છે.

'રોટલો' નિબંધમાં રોટલાની લ્હાય વ્યક્ત થઈ છે. માણસને હવા, પાણી પછી તરત જ રોટલો જોઈએ. જીવન આખું રોટલાની રામાયણ જ છે. અન્ન અને કામ, જીવનની મૂળભૂત જરૂરિયાતો છે. જીવનનું અસ્તિત્વ, જીવનનો સંઘર્ષ એમાં જ સમાઈ જાય છે. માણસે રોટલા માટે વતન છોડવું પડે છે. રોટલો જ માણસનું વતન છે. જ્યાં રોટલો મળે તે જ વતન કહેવાય. સર્જક કહે છે, 'રોટલો રઝળપાટ કરાવે, રોટલો જ રમમાણ કરાવે.' ખરેખર વિશ્વમાં ચાલતાં યુદ્ધો બે પ્રકારનાં છે, ધાર્મિક યુદ્ધો અને આર્થિક યુદ્ધો, માકર્સની આ વ્યાખ્યા છે. વિશ્વયુદ્ધ શા માટે થયેલાં ? આર્થિક સત્તા પ્રાપ્ત કરવા માટે જ ને ? જર, જમીન ને જોરુ, એ કજિયાનાં છોરું છે કે કજિયાના બાપ છે, કારણ છે. જમીન એટલે રોટલો સ્તો !

'કચરાંપોતા' જેવા વિષય પર શ્રી ભગીરથભાઈ જ લખી જાણે ! એમનું નિરીક્ષણ કેટલું સૂક્ષ્મ તે જુઓઃ 'કચરો વાળતાં વાળતાં આગળ વધવાનું હોય, પોતાં કરતાં પાછા ખસવાનું હોય !' કચરાં-પોતાં કેવળ મકાન માટે નહિ, મન માટે પણ જરૂરી હોવાનું સર્જક સૂચન કરે છે, તે યથાર્થ છે.

શ્રી ભગીરથભાઈને વતન અને ઘરની બહુ માયા છે. વતનમાં ઘર તો હતું માટીનું, કાચા જેવું, પણ તે ઘરમાં ગાંડા દાદીમા, વિરક્ત દીકરો, વિધવા ફોઈ-બધાં જ સુખેદુઃખે સમાતાં હતાં. ઘરમાં ગાંડપણ જીરવાયું અને ડહાપણને પાંખો ફૂટી. ઘરમાં સાગ વપરાયેલો, તેને સર્જક સ્નેહ કહે

છે, એ ઘરનો મોભ હતો. પિતાની નિષ્ફળતાઓને સફળતામાં પલટાવવા જિંદગીભર ઝઝૂમતાં બા. ગરીબાઈ કેવી હતી? તેલનું ડબલું, ઘીના ડબ્બાની ખબર પૂછે ! બેય ખાલી કરકસર માટે દીવો પણ વહેલો બંધ કરી દેવાનો ! વગર કમાણીએ દસ પેટ ભરવાનાં ! પણ તોય ઘર મહેમાનોથી ભર્યુંભર્યું રહેતું.

આખરે સર્જકને નોકરી મળતાં ઘર બંધ કરી છોડવું પડ્યું. ત્યારે ઘરની આંખોમાંથી હેત પ્રગટેલું. આમ તો ઘર કે વતનની જમીન, ખેતર સર્વ અસબાબ નિર્જીવ છે, પણ માણસ એમાં પ્રાણપ્રતિષ્ઠા કરે છે. સર્જક જીવ રેડે છે. નગરમાં રહેતા સર્જકને જૂના ઘરનું જ સ્વપ્ન આવે છે. નગરના બંગલાને સર્જક હજી ઘર બનાવી શક્યા નથી, તેનો અફસોસ સર્જકને હૈયે છે. અપાર વિષય વૈવિધ્ય ધરાવતા 'નાભિનાળ'ના નિબંધો ભાવકને રસતરબોળ કરી મૂકે છે. સર્વ નિબંધો પર કવિની કવિતા સતત ઝરમર વરસ્યા કરતી હોય તેવું અનુભવાય છે !

નાભિનાળ નિબંધ સંગ્રહ, ગૂર્જર સાહિત્ય ભંડાર, પૃ.૧૧૨,

---

આઈ.એ.એસ., આસવલોક, ૪૬૬/૨, સેક્ટર-૧,
ગાયત્રી મંદિર પાછળ, ગાંધીનગર-૩૮૨૦૦૭
(મો) ૯૯૭૯૮૯૩૯૯૦

---

## ।। વિદ્યાવૃત્ત ।।

## ગો. જો. શારદા મંદિર

૧. ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિરમાં "કારગિલ વિજય દિવસ"ની ઉજવણી નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં NCCની ૪૧ કેડેટ સે કારગીલ વિજય દિવસ વિષય પર સુંદર ચિત્રો દોર્યાં હતાં. જેમાંથી ફર્સ્ટ યર અને સેકન્ડ યરમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામ આપીને વિદ્યાર્થિની બહેનોને સન્માનિત કરવામાં આવી હતી, તેમજ કેડર્સ માહી શાહે કારગીલ યુદ્ધ વિશે વક્તવ્ય આપ્યું હતું. નિરવી અમીને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતુ દેશભક્તિ ગીત રજૂ કર્યું હતું. સમગ્ર કારગીલ વિજય દિવસની ઉજવણીનું સંચાલન શિક્ષિકા શ્રીમતી રેશમા પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર તરફથી વિજેતા બહેનોને તેમજ ભાગ લેનાર વિદ્યાર્થિની બહેનોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

૨. તા.૨૫ જુલાઈ ૨૦૨૫ના રોજ નાવલી ખાતે એનસીસી લીડરશીપ એકેડમીનું માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં ઉપસ્થિત એનસીસી ગુજરાત દાદરા નગર હવેલી દમણ અને દીવના ADG મેજર જનરલ આર.એસ બોદારા સર દ્વારા એનસીસી સેકન્ડ ઓફિસર રેશમા પરમાર (CVM સંચાલિત ગો.જો.શારદા મંદિર)ને "એવોર્ડ ઓફ એક્સેલન્સ" Best ANO તરીકેનો એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ચારુતર વિદ્યામંડળ પરિવારે તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976-9609

## बच्चों को स्तनपान की अहमियत

**डॉ. नरेश चौधरी[1], डॉ.(प्रो.).निशा कुमारी ओजा[2]**

### मातृ स्तन्य एवं स्तनपान क्या होता है ?

माता के दूध को आयुर्वेद में स्तन्य कहा गया है। जब माता के द्वारा बच्चे को दूध पिलाया जाता है उसे स्तन्यपान कहते हैं। नवजात शिशु के जन्म से लेकर कुछ माह के बच्चों को सिर्फ माता का ही दूध पिलाया जाता है । डॉक्टर ६ माह तक के बच्चों को स्तनपान कराने की सलाह देते हैं तथा माता के  दूध में बच्चे के लिए सभी पोषक तत्त्व भरपूर मात्रा में पाए जाते हैं इसी प्रक्रिया को स्तनपान अर्थात् ब्रेस्टफीडिंग कहते हैं ।

विश्व स्वास्थ्य संगठन के साथ-साथ अमेरिकी बालरोग अकादमी (AAP-अमेरिकन अकादमी ऑफ पेडीयाट्रिक्स) के अनुसार माता का दूध बच्चे के लिए सर्वोत्तम पौष्टिक आहार होता है ।

हर वर्ष अगस्त माह के प्रथम सप्ताह १ अगस्त से ७ अगस्त तक 'विश्व स्तनपान सप्ताह' मनाया जाता है । इसका उद्देश्य महिलाओं को स्तनपान एवं कार्य को दृढ़तापूर्वक एक साथ करने का समर्थन देता है साथ ही इसका यह उद्देश्य है कि कामकाजी महिलाओं को उनके स्तनपान संबंधी अधिकार के प्रति जागरूकता प्रदान करना, साथ ही कार्यालयों में भी इस प्रकार का माहौल बनाना कि स्तनपान कराने वाली महिलाओं को किसी भी प्रकार की असुविधाएं ना हो ।

मातुरेव पिबेत्स्तन्यं तध्द्यलं देहवृद्धये ।
अ.ह.उ.१/१५

आयुर्वेदिक ग्रंथ अष्टांग हृदय में भी माता के दूध को बच्चों की शरीरवृध्धि के लिए उत्तम आहार बताया है ।

### बच्चों को भूख लगने का संकेत

नवजात शिशु या कुछ वर्ष के बच्चे भूख लगते समय या किसी भी जरूरत के लिए बोल नहीं पाते हैं वह सिर्फ संकेत देते हैं । यह संकेत निम्नलिखित है ।

**१. बच्चे का अधिक रोना:-**

छोटे बच्चे बोल पाने में असमर्थ होते हैं लेकिन जब इन बच्चों को भूख लगती है तब यह रोते हुए भूख लगने का संकेत देते हैं और माता के स्तनपान करने पर बच्चे चुप हो जाते हैं।

**२. इशारे करना:-**

छह माह से बडे बच्चे को भूख लगती है तब वह इशारे करते हुए अपनी बातों को समझाने की कोशिश करते हैं, बच्चे माता के स्तन की ओर इशारा करते हुए भूख का संकेत देते हैं।

**३. गुस्से में हाथ पैर मारना:-**

बच्चों को अधिक भूख लगने पर या माता द्वारा इशारे ना समझने पर बच्चे गुस्से में हाथ पैर मारने लगते हैं । इस संकेत से समझ जाना चाहिए कि बच्चे को भूख लग रही है।

### बच्चों के लिए स्तनपान के फायदे

१. बच्चों को अनेक रोगों से बचाने, प्रतिरक्षा प्रणाली मजबूत करने, रोग प्रतिरोधक क्षमता बढ़ाने में स्तनपान ही मददगार साबित होता है।
२. जो बच्चे स्तनपान करते हैं उनका मस्तिष्क का विकास तेजी से होता है ।
३. माता का स्तनपान बच्चे की शारीरिक वृद्धि, विकास और संतुलित पोषण व आहार प्रदान करता है ।
४. स्तनपान करने वाले शिशुओं को जुकाम, सांस संबंधी इन्फेक्शन, कान में संक्रमण और इन्फ्लूएंजा जैसे रोग कम घेरते हैं।

५. स्तनपान पाचन क्रिया के लिए अच्छा होता है। जिन शिशुओं को स्तनपान कराया जाता है, वे दूसरे बच्चों की तुलना में अधिक स्वस्थ रहते है। स्तनपान से क्रोहन रोग, इरीटेबल बाउल सिंड्रोम, कोलाइटिस और सीलिएक जैसे रोगों से रक्षण मिलता हैं ।

६. स्तनपान कराने से शिशुओं में डायबिटीज (टाइप-१) का खतरा कम हो जाता है। और देर से शुरुआत या टाइप-२ डायबिटीज के फैलाव के जोखिम को भी कम करता है।

७. स्तनपान करने वाले शिशुओं में हाई ब्लड प्रैशर, हाई कोलेस्ट्रॉल और बड़े होकर हृदय रोग होने की संभावना कम होती है।

८. स्तनपान करने वाले बच्चे अक्सर कम बीमार पड़ते हैं, इसलिए डॉक्टर और अस्पताल कम जाना होगा और एंटीबायोटिक्स और अन्य दवाओं पर कम पैसे खर्च होंगे।

९. स्तनपान वाले शिशुओं में एलर्जी, अस्थमा, एक्जिमा और त्वचा पर चकत्ते होने का खतरा कम होता है।

१०. स्तनपान करने वाले बच्चों में हाई आईक्यु बेहतर विकसित न्यूरोलॉजिकल सिस्टम और तेज दृष्टि होती है।

११. स्तनपान जबडे की हड्डी और उपरी वायु मार्ग की मांसपेशियों के विकास में मदद करता है, जो बच्चों में मुख गुहा के बेहतर तालमेल के लिए महत्त्वपूर्ण है। पांच से छह माह का स्तनपान बच्चों में दांत क्षय का खतरा भी कम करता है।

**माता के लिए स्तनपान कराने के फायदे**

**१. घाव का जल्दी भरना:**

जब स्त्री बच्चे को जन्म देती है तो उनके शरीर में कई घाव व दर्द बना रहता है लेकिन स्तनपान कराने की वजह से यह दर्द व घाव जल्दी से भर जाते हैं।

**२. माता और बच्चों के बीच बेहतर सम्बन्ध:**

माता और बच्चों के बीच स्तनपान बेहतर सम्बन्ध बनाता है व आपसी रिश्ते को भी मजबूत करता है।

**३. वजन का नियंत्रण में रहना**

गर्भावस्था के समय माता का वजन बढ़ने लगता हैं लेकिन स्तनपान कराने की वजह से कैलोरी कम होती है जिससे बढ़ते वजन को नियंत्रित किया जा सकता है।

**४. हार्मोन का संतुलित होना**

स्तनपान की वजह से माता के हार्मोन संतुलित रहते हैं जिसके कारण माता को अधिक ऊर्जा प्राप्त होती है साथ ही कील-मुंहासे होने की संभावना कम बनी रहती है। जब माता बच्चों को स्तनपान कराती है तो माता के गर्भाशय और अंडाशय के कैंसर होने की संभावना कम रहती है।

**स्तनपान कराने के सही तरीके**

**१. क्रेडल होल्ड - Cradle hold**

इस पोजीशन में बच्चे के सिर को हाथ की भुजाओं पर रखते हैं और हाथ की कलाई से बच्चे के पीठ के नीचे सहारा देकर उसे पकड़े रहते हैं और दूसरे हाथ से अपने स्तन को उठाकर बच्चे के मुंह में डालकर स्तनपान कराते हैं।

**२. क्रास क्रैडल होल्ड - Cross-Cradle hold**

क्रास क्रैडल होल्ड पोजीशन में बच्चे को दूध पिलाने के लिए एक कुर्सी पर आराम से सीधे बैठ जाएं। अपने बच्चे को आराम से उठाकर अपने शरीर के सामने लाएं, बच्चे का पेट आपके पेट से चिपका होना चाहिए । इसके बाद बच्चे के सिर के नीचे अपने एक हाथ की हथेली को लगाकर पकड़े और उसी हाथ की

 ISSN 0976-9609

भुजाओं या कोहनी में बच्चे के पैरों को टिकाएं। दूसरे हाथ से अपने स्तन को पकड़ें और बच्चे के मुंह में स्तन का निप्पल डालें। यह स्तनपान कराने की एक बेहतर पोजीशन मानी जाती है।

३. **फुटबाल होल्ड – Football hold**

यदि माता की सीजेरियन सेक्शन डिलीवरी हुई हो तो इस पोजीशन में बच्चे को स्तनपान कराना सर्वोत्तम होता है क्योंकि इससे सीजेरियन सेकशन के दौरान होने वाले अंदरूनी जख्म जल्दी भर जाते हैं। फुटबाल होल्ड पोजीशन में बच्चे को स्तनपान कराने के लिए बच्चे के शरीर को उस तरह से पकड़ें जिस तरह से कोहनी और कलाई के सहारे फुटबाल पकड़ते हैं। बच्चे के पैरों को अपनी भुजाओं के नीचे सहारा देकर टिकाएं और बच्चे के सिर के नीचे अपने एक हाथ की कलाई रखें और दूसरे हाथ से अपने स्तन को पकड़कर बच्चे के मुंह में डालें। इस पोजीशन में खड़े होकर भी दूध पिलाया जा सकता है।

४. **बगल में लेटाकर –** Side-lying hold

यदि माता को अधिक थकान महसूस हो रही हो तो बगल में लेटकर बच्चे को स्तनपान कराना बेहतर होता है। लेकिन स्तनपान कराने वाली माता को हमेशा यह ध्यान रखना चाहिए कि उसे इस दौरान सोना नहीं चाहिए। इस पोजीशन में बच्चे को स्तनपान कराने के लिए बच्चे की तरफ मुंह करके एकतरफा लेट जाएं और बच्चे के चेहरे को अपने स्तन की तरह घुमाएं और एक हाथ से स्तन को पकड़कर बच्चे के मुंह के पास ले जाएं और दूसरे हाथ से बच्चे के सिर को सहारा दें।

**नुकसान :**

यदि लेटकर बच्चे को स्तनपान कराया जाता है और बच्चा मुंह में दूध भरकर सो जाये तब श्वासावरोध होकर बच्चे की मृत्यु होने का खतरा बढ जाता है। शिशुओं में मुख तथा मध्य कान के बीच की नली छोटी एवं चौडी होने के कारण लेटकर स्तनपान कराने की स्थिति में दूध का कुछ भाग मध्य कान में जाने की संभावना अधिक हो जाति है और इससे बच्चों में कान पकने की सिकायत आने लगती है ।




Image curtesy; Wikipedia

**पहली बार माँ बनने के दौरान स्तनपान कराने के तरीके**

पहली बार माता बनने के बाद नवजात शिशु को दूध या स्तनपान कैसे कराना है वो माता को नहीं पता होता है यह सभी तरीके निम्नलिखित है ।

१. माता को ऐसे कपड़े पहनने चाहिए जिससे नवजात शिशु को आसानी से स्तनपान कराया जा सके जैसे हल्के से ढीले टीशर्ट या आगे से खुलने वाली कमीज़ या कुर्ती।
२. माता को अपने साथ दुप्पटा रखना चाहिए जिससे बच्चे को स्तनपान के समय ढक सके।
३. स्तनपान के समय बच्चे के सिर या पीठ को सहारा देना आवश्यक होता है।
४. बच्चे को स्तनपान कराने से पहले माता को दोनों स्तन साफ कपड़े से पोंछ लेना चाहिए।
५. यदि किसी माता के स्तन से स्तनपान कराने के बाद दूध टपकता है तो उन्हें अपने साथ टिश्यू पेपर या वॉशेबल ब्रेस्ट पैड का प्रयोग करना चाहिए।
६. यदि किसी माता की डिलीवरी सीजेरियन सेक्शन या सर्जरी से हुई हो तो स्तनपान कराने में माता को कठिनाई होती है ऐसी स्थिति में अस्पताल में उपस्थित डॉक्टर या नर्स की सहायता अवश्य लें।
७. स्तनपान कराने के अलग अलग तरीके हैं लेकिन बच्चा जिस तरीके में आराम महसूस करता है उसी तरीके से बच्चे को स्तनपान कराया जाए।

**स्तनपान के लिए कुछ स्थिति निम्नलिखित है जिसमें चिकित्सक विचार या सलाह लेना जरूरी है।**

१. यदि माता एचआईवी पॉजिटिव है तो बच्चे को स्तनपान नहीं कराना चाहिए क्योंकि एचआईवी के संक्रमण दूध के जरिए बच्चे तक पहुंच सकता है ।
२. माता को कैंसर रोग का इलाज के लिए कीमोथैरेपी की गई हो तब बच्चे को स्तनपान नहीं कराना चाहिए ।
३. माता को टीबी रोग होना ।
४. माता अवैध ड्रग्स, नशीले पदर्थ या अल्कोहॉल का इस्तेमाल करती हो तो इस स्थिति में भी स्तनपान नहीं कराना चाहिए ।

**स्तनपान के साथ आने वाली कुछ सामान्य कठिनाइयां**

**१. दूध वाहिनी में रुकावट आना**

माता के शरीर में दूध का उत्पादन दुग्ध कोशिका द्वारा होता है और दूध एरियोला के अन्तर्गत इकठ्ठा करता है। स्तनपान के दौरान बच्चा एरियोला को चूसता है लेकिन दूध वाहिनी एल्वियोली में रुकावट आने की वजह से बच्चा स्तनपान नहीं कर पाता है। दूध वाहिनी में रुकावट आने की वजह से माता के स्तन में सूजन या गांठ बन जाती है जिसे छूने पर माता को दर्द महसूस होता है।

**२. निप्पल्स में उभार ना होना**

कई माँ के निप्पल्स में उभार नहीं होता यानी यह निपल्स अंदर को या चपटे हुए होते हैं जिसके कारण बच्चे को स्तनपान के समय परेशानी का सामना करना पड़ता है और बच्चा सही से दूध नहीं पी पाता है।

**३. रूखे व निप्पल में क्रैक होना**

जब नवजात शिशु या बच्चों को सही स्थिति या तरीके से स्तनपान नहीं कराया जाता है तो निप्पल में रूखापन व क्रैक की समस्या सामने आती है।

**४. माता के स्तन में दूध कम आना**

जब माता के शरीर में कमजोरी, थायरॉइड और हार्मोन का संतुलन सही नहीं रहता है तब माता


ISSN 0976-9609

के स्तन से दूध कम निकलता है जिसके कारण बच्चे का पूरा पेट नहीं भर पाता है ।

इन सभी परिस्थितियों में चिकित्सक की योग्य सलाह एवं इलाज माता को लेना चाहिए ।

**निष्कर्ष :**

माता द्वारा अगर प्रथम छह माह तक योग्य विधि से बच्चे को स्तनपान कराया जाय तो बच्चे का शारीरिक एवं मानसिक विकास में कोई बाधा नहीं आती और बच्चे की स्वास्थ्य देखभाल की लागत में भी कमी आएगी ।

**संदेश :**

स्तन्य पान की अहमियत को समझने और इसके फायदों को जानने के लिए हमें अधिक जागरूकता फैलानी चाहिए । ताकि अधिक से अधिक माताएं अपने बच्चों को स्तन्य पान करा सकें और बच्चों का जीवन सुधार सकें और देश का विकास हो सके ।

[१]सहायक आचार्य, [२]विभागाध्यक्ष एवं आचार्य
बालरोग विभाग, राष्ट्रीय आयुर्वेद संस्थान
(NIA), जयपुर, राजस्थान
Email:chaudharynareshgmail.com
Mo: 9265634795

## ।। વિદ્યાવૃત્ત ।।

### 'સીવીએમ યુનિવર્સિટીની એ.ડી.આઈ.ટી.કૉલેજના NCCના વિદ્યાર્થીએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કરેલ ભારતનું પ્રતિનિધિત્વ''

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એ.ડી.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજીના NCC કેડેટ સીનિયર અન્ડર ઓફિસર હર્ષિલ જે. સોનીએ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ (YEP-૨૦૨૫)માં વિયેતનામમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી યુનિવર્સિટી અને રાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે.

તેઓ ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રથમ કેડેટ બન્યા છે જેઓએ એક પછી એક થલ સૈનિક કેમ્પ (TSC-૨૦૨૪), ગણતંત્ર દિવસ કેમ્પ (RDC-૨૦૨૫) અને યૂથ એક્સચેન્જ પ્રોગ્રામમાં ભાગ લઈને વિદેશી સ્તરે પણ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. તેઓ દેશભરના પસંદ થયેલા માત્ર ૧૩ કેડેટ્સમાંથી એક હતા, જેમણે ભારતીય પ્રતિનિધિ મંડળમાં સ્થાન મેળવ્યું.

આ સિદ્ધિ મેળવવા બદલ હર્ષિલે ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રમુખશ્રી ભીખુભાઈ બી. પટેલ, લે.ક.રાહુલ ભોરાસ્કર (ઓફિસર કમાન્ડિંગ, 2CTC), ડૉ. વિશાલ સિંહ (પ્રિન્સિપાલ, ADIT) અને CTO શિવકુમાર સિંહને માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## || લલિત નિબંધ ||

### મકાન બને છે ઘર

**તુષાર પી. દેસાઇ** (સાહિત્યપ્રિય)

મકાનને ઘર બનતાં કેટલીકવાર વર્ષો નીકળી જાય છે. ઈંટોના બ્લોક, રેતી, કપચી, સિમેન્ટ, સળિયા થકી જે માળખું તૈયાર થાય તે કાન. જ્યારે તેમાં જીવિત વ્યકિતઓના શ્વાસ લહેરાય, રહેનારની લાગણીઓ ધબકે ત્યારે એક મકાન સાચા અર્થમાં ઘર બને છે. આવા ઘરની આશા દરેક વ્યક્તિ સેવે છે. સંયુક્ત કુટુંબ તો પહેલેથી જ ઘર છે, પણ જેણે લગ્ન કરીને એકડે એકથી સંસાર વસાવાનો છે તે વ્યક્તિ માટે તે મહામૂલી જણસ છે ઘર.

ઘર એકલા માણસથી આકાર નથી લેતું, જ્યારે એમાં પત્ની, બાળકના ધબકાર ધબકે ત્યારે એ રહેઠાણ ઘરની વ્યાખ્યામાં બંધ બેસે છે. ઘર એટલે અવાજોની દુનિયા. એ અવાજ કૂકરની સીટીનો હોય, કાં એફ.એમ.રેડીયોનો હોય, કાં ટી.વી.ની ચેનલનો હોય. આમાં બાળકનો અવાજ, નાનું હોય તો જુદો જ તરી આવે છે. ઘર અવાજોથી 'લાઈવ' બને.

ઘરનો માણસ ઘરમાં પગ મૂકે ને સામે પત્નીનું કે બાળકનું હસતું મુખકમળ નીરખે અને તેનો ૭૫% થાક ગાયબ થઈ જાય, બચ્યો-ખૂટ્યો બાકીનો ૨૫% એ બેસે એની ચંદ મિનિટોમાં, સામે ધરાયેલ ચાની પ્યાલીમાં ઓગળી જાય છે. ચાની ચૂસકીમાં તેની ઓફિસની બધી ફરિયાદો 'ઉડન છૂ' થઈ જાય છે. બાળકની કાલી-ઘેલી બોલી ખોવાઈ જઈ તે હાશકારો અનુભવે છે. ઘરની આ દેણ છે જે મકાનમાં નથી હોતી.

ઘરમાં ભાવો અને ભાવો બંને છે, પણ ઘરના સભ્યોની એકબીજા પ્રત્યેની ઉત્કટ લાગણી અને ઘરોબો હોય તો અભાવો જલ્દી સ્પર્શી શકતા નથી.

ઘરની ગૃહિણીએ કરેલ રાઈ-મેથી-લીમડા-સૂકાં મરચાંનો દાળનો વઘાર. આજુબાજુના પાંચ ઘરોને વઘારની સોડમથી મઘમઘાવી ન દે તો ઘરની ગૃહિણી એમ સમજે કે પોતે કરેલ વઘાર નિરર્થક છે. બાજુમાંથી કોઈ વઘારની વધામણી આપવા આવે ત્યારે ભાભી બે વેંત અધ્ધર ચાલે છે અને તેને ત્યાં વાર-તહેવાર વાટકી-વહેવાર કરી પોતાની પ્રશંસાનું સાટું વાળી દે છે.

જ ઘરમાં પૂજાપાઠ, ભગવાનની સંપૂર્ણ આરતી થતી હોય ત્યાંથી ઊર્જા જ ઘરને સાત્ત્વિક અને ચેતનવંતુ બનાવે છે અને નકારાત્મક ઊર્જા પ્રવર્તતી અટકે છે.

૭, ચિંતન પાર્ક, ધરણી ફ્લેટ,
વાસણા ડેરી પાછળ, વાસણા,
અમદાવાદ-૭ (મો) ૯૪૨૭૪૫૪૫૧૮

"In love of home, the love of country has its rise".

"How often have I lain beneth rain on a strange roof thinking of home."

"Home is a shelter from storms - all sorts of storms".



ISSN 0976-9609

## ॥ અભ્યાસ ॥

## "ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા સ્થળોનો પ્રવાસ વિદિશા"

**મેહુલકુમાર ફતેસિંહભાઈ રાઠવા**

ગુજરાતી સાહિત્યમાં ભોળાભાઈ પટેલ અનુવાદક અને વિવેચક તરીકે વધુ જાણીતા છે. 'વિદિશા' નિબંધ સંગ્રહથી તેઓ સર્જનનાં ક્ષેત્રે પગેરું માંડે છે. આગળ જતાં તેઓ 'પૂર્વોત્તર' (૧૯૮૧), 'રાધે તારા ડુંગરિયા પર' (૧૯૮૭), 'દેવોની ઘાટી' (૧૯૮૯), 'દેવાત્મા હિમાલય' (૧૯૯૦), 'દશ્યાવલિ' (૨૦૦૦), 'ચિત્રકૂટનાં ઘાટ પર' (૨૦૦૧), 'યુરોપ અનુભવ' (૨૦૦૪), 'બોલે ઝીણા મોર' (૧૯૯૨), 'શાલભંજિકા' (૧૯૯૨), 'ચૈતર ચમકે ચાંદની' (૧૯૯૬) જેવા પ્રવાસ સ્થળોનો પરિચય કરાવતાં પ્રવાસના નિબંધ સંગ્રહો આપે છે. 'વિદિશા'નો હિન્દી અનુવાદ વર્ષ ૧૯૯૪માં મૃદુલા પારીક, દિલ્હીના રાધાકૃષ્ણ પ્રકાશન દ્વારા પ્રગટ કરી સમગ્ર દેશમાં વાચકો સુધી તે પહોંચે છે. ૧૯૯૨માં તેમનાં પુસ્તક 'દેવોની ઘાટી'ને સાહિત્ય અકાદમી, દિલ્હીનું પારિતોષિક મળ્યું હતું. ભોળાભાઈ પટેલને વર્ષ ૨૦૦૮માં ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો હતો.

'વિદિશા' ભોળાભાઈ પટેલનો પ્રથમ નિબંધ સંગ્રહ છે, જે ૧૯૮૦માં પ્રકાશિત થયો હતો. નિરંજન ભગતનાં સાહિત્ય ત્રૈમાસિક માટે નિબંધ લખવાનું આમંત્રણ મળતાં તેઓ આઠ નિબંધ લખે છે. ત્યાર બાદ ચિલિકા નિબંધ સૌ પ્રથમ 'સંસ્કૃતિ' માસિકમાં પ્રગટ થાય છે. રમણ સોની કૃતિ પરિચયમાં જણાવે છે કે "વિદિશા-પ્રવાસ-સાહિત્યના ૧૧ નિબંધોનું આ પુસ્તક વર્તમાનકાળની આંગળી ઝાલીને ભૂતકાળમાં પણ વિહાર કરાવે છે. એ વિહાર સૌંદર્ય-વિહાર છે." ભોળાભાઈ પટેલ નિવેદનમાં જણાવે છે કે "આ નિબંધોમાં મુખ્ય સંવેદના ભ્રમણની છે." ભોળાભાઈ પટેલે વિદિશા નિબંધસંગ્રહમાં આઠ શહેર વિદિશા, ભુવનેશ્વર, માંડુ, ઈમ્ફાલ, જેસલમેર, ખજૂરાહો, કાશી, અને રામેશ્વરમની વાત કરી છે, ત્યારબાદ 'ચિલિકા' સરોવર અને 'બ્રહ્મા' શિખર, અંતે 'તેષાં દિક્ષુ' નિબંધ આપી સર્જક પોતાના ગામનું આલેખન પણ રસવાહી શૈલીમાં કરે છે.

પ્રથમ નિબંધ 'વિદિશા'માં ભોળાભાઈ પટેલ બંગાળી કવિ જીવનાનંદ દાસની કાવ્યપંક્તિથી નિબંધનો ઉઘાડ કરે છે "ચુલ તાર કબેકાર અંધકાર વિદિશાર નિશા."(પૃ-૧) વિદિશાની રાત્રીને જીવનાનંદ દાસની કાવ્યનાયિકા વનલતા સેનના કેશ સાથે સરખાવે છે અને વનલતા સેનના કેશને વિદિશાની રાત્રિના જુગ જુગ અંધકાર જેવા કહ્યાં છે. કાલિદાસની સહોપસ્થિતિને સર્જકે જાણે કે વિદિશામાં અનેક સ્થળોએ અનુભવી છે. આ વિદિશા નગરી હૈહ્યવંશી રાજાઓ અને દશાર્ણની રાજધાની હતી. સાંચીના સ્તૂપની ટેકરી ઉપરાંત કાલિદાસના યક્ષે મેઘને રસ્તો બતાવતા દશાર્ણની રાજધાની વિદિશા હતી તેમ ઉલ્લેખ કર્યો હતો. ઇતિહાસ પ્રસિદ્ધ 'હેલિઓદોરસનો સ્તંભ' જે 'બાબાકા ખંભા'ના નામે ઓળખાય છે, તેનું વર્ણન પણ અહીં કર્યું છે. ઉપરાંત તલવારોથી મૌર્યોએ પોતાનો રાજ્યવિસ્તાર અહીં સાધ્યો હતો, અહીં કવિ કાલિદાસનો અગ્નિમિત્ર માલવિકાની છબિ જોઈ એના પ્રેમમાં પડી ગયો હતો અને સમ્રાટ અશોકના પ્રથમ પત્ની (દેવી) પણ વિદિશાનાં જ હતા જેને લીધે પછી અશોકે નજીકમાં આવેલી સાંચીની ટેકરી પર સ્તૂપ બંધાવ્યો હતો. આમ, પ્રથમ નિબંધ 'વિદિશા'માં ભોળાભાઈએ વિદિશાનો ઇતિહાસ, પુરાણોમાં એના સંદર્ભો અને ભિલસામાંથી 'વિદિશા' કઈ રીતે નામ પડ્યું, તે પણ જણાવ્યું છે. પ્રખ્યાત ઉદયગીરીની ગુફાઓનું વર્ણન પણ અહીં આપણને જાણે કે તાદશ્યતાનો અનુભવ કરાવે છે.

બીજો નિબંધ 'ભુવનેશ્વર' વિશેનો છે. અહીં લિંગરાજના મંદિરની શિલ્પખચિત ઊંચાઈ અને સંધ્યા આરતીના ઘંટનાદ સર્જકના ચિત્તમાં જડાઈ ગયેલાં. સર્જકને અહીં ઓડિયા ભાષાની લિપિમાં કંઈક ભેદ

જણાય છે, તે અંગે તેઓ કહે છે કે "દરેક અક્ષર જાણે છત્રી ઓઢીને ઊભો ન હોય! દેવનાગરી લિપિનું જ એક રૂપ છે - ર, બ, વગેરે બાદ કરતા." (પૃ ૧૭) આગળ જતાં તેમને એનું કારણ સમજાય છે, કે એનું કારણ તાડપત્રો પરનું લેખન છે. ભોળાભાઈ ત્યારબાદ ઓડિયા ભાષા શીખવાનું શરૂ કરે છે, અને ભુવનેશ્વરના બુક સ્ટોલ પરથી ઓડિયા ભાષા શીખવાની ચોપડી પણ ખરીદે છે. આગળ જતાં તેઓ ઓડિયા ભાષાના ખ્યાતનામ સર્જક ગોપીનાથ મહાન્તીને મળે છે, એમના ઘરે જાય છે. ભોળાભાઈએ રાધાનાથ રાયનું પ્રસિદ્ધ કાવ્ય 'ચિલિકા' સૌ પ્રથમ ઓડિયા ભાષામાં વાંચ્યું. 'ભુવનેશ્વર' મંદિરોના શહેર તરીકે વધુ જાણીતું છે, કહેવાય છે કે અહીં સાત હજાર મંદિરો હતાં! દેવતાઓનું જ નગર. આજેય અહીં શતાધિક મંદિરો ઊભાં છે. અહીં ખંડગિરિ પર જૈન ગુફાઓ છે, બૌદ્ધ ગુફાઓ પણ છે. આગળ જતાં 'દયા' નદી આવી, અહીં એક સ્થાન છે, 'ધૌલી' અહીં જ એક મહાસંહાર પછી અશોકના હૃદયમાં દયાભાવ જાગ્યો હતો, એટલે નદીનું નામ 'દયા'. અહીં પાર્વતીની મૂર્તિ ભક્તિભાવ કરતાં સૌંદર્યભાવ વિશેષ જગાડે છે. આમ, કામ અને અધ્યાત્મનો અદ્‌ભુત સંવાદ જાણે કે ભારતીય મંદિરોમાં જ જોવા મળે છે.

'માંડુ' વિશે જણાવતા ભોળાભાઈ કહે છે કે "માંડવગઢ બોલતા મનમાં એક રોમેન્ટિક ઉદ્વેગ જાગે છે. સરોવર, સંગીત અને સ્વપ્નનું નગર માંડુ. સૈકાઓ થયાં સરોવર જર્જરિત થતી જતી મહેલાતોના ખંડિત પડછાયા ઝીલ્યા કરે છે." (પૃ ૩૩) માંડુનું એક નામ હતું શાદિયાબાદ -આનંદનગર, પણ સર્જક આગળ જણાવે છે કે "એની પ્રાકૃતિક સુષમા વચ્ચે આજે 'શાદ'નો અનુભવ એટલો થતો નથી જેટલો એક ગમનો અનુભવ થાય છે, એક હળવી બેચેની થાય છે." (પૃ ૩૬) આગળ એક ધર્મશાળામાં તેઓ રોકાય છે, તેમને ત્યાં રહેવું ગમે તેવું નહોતું તેથી તેઓ ત્યાં કાકાસાહેબનું એક વિધાન ટાંકે છે કે - "કુદરતી હાજત કુદરત પર છોડી દેવામાં આવે છે તે અહીં પણ લાગુ પડતું હતું." (પૃ ૩૭). મધ્યકાળના ફારસી ઇતિહાસ-કારોની તવારીખમાં પછીથી પ્રચલિત થયેલું માંડવ નામ મળે છે. આગળ જતા તેમાંથી માંડુ થયું અને કોઈ 'મંડુ' પણ કહે. બારમી સદીમાં માંડુ માળવાની રાજધાનીનું ગૌરવ પામે છે. રાજા ભોજનું પણ આ નગર હતું. માલવપતિ મુંજના નામ સાથે આ નગરીનું નામ જોડાયેલું છે. માંડુમાં બાઝ બહાદુર અને રૂપમતીના શુદ્ધ પ્રેમની કથા ખૂબ પ્રસિદ્ધ છે. આજે પણ લોકગીતોમાં તેમનાં નામ પડઘાય છે. ગ્યાસુદ્દીન નામના રાજાને પંદર હજાર સુંદરીઓ હતી, પિતાને ઝેર આપી પુત્ર નસિરુદ્દીન ગાદીએ આવે છે. રૂપમતી બાઝને પ્રેમ કરતી હતી, બાઝ અને રૂપ બે દેહ એક પ્રાણ હતાં. રૂપની આ પંક્તિઓ જ કહે છે કે

"પ્રીતમ હમ તુમ એક હૈ, કહત સુનન કો દોય, મનસે મનકો તોલિયે, દો મન કભી ન હોય." (પૃ ૪૦)

તાજમહલના મુખ્ય સ્થપતિ ઉસ્તાદ હમીદે શાહજહાંના કહેવાથી તાજમહલ બનાવતા પહેલાં હોશંગશાહના મકબરાની ડિઝાઈન જોવા ખાસ મુલાકાત લીધી હતી. ઉપરાંત હિંડોલા મહલ, રૂપમતી મહલ, બાઝ મહલ, ચંપાબાવડી, જહાજ મહલ, ગ્યાસુદ્દીનના મહેલની પણ સર્જક મુલાકાત લે છે.

'ઈમ્ફાલ' નિબંધમાં મણિપુરની રાજધાની ઈમ્ફાલ વિશે, ત્યાંની સંસ્કૃતિ ઉપરાંત સર્જકે ત્યાંના સ્થળોની જે મુલાકાત લીધી હતી તેનું વર્ણન કર્યું છે. અર્જુનનો ચિત્રાંગદા અને મણિપુર સાથેનો સંબંધ દર્શાવતા ભોળાભાઈ જણાવે છે કે "અર્જુન મણિપુરમાં આવ્યો ત્યારે આમ જ રસ્તે નીકળ્યો હશે અને એણે તો ત્યારે રાજદુહિતા ચારુદર્શના ચિત્રાંગદાને-દદર્શ પુરે તસ્મિન્ વિચરન્તી યદ્રચ્છયા-સ્વેચ્છયા નગરમાં ભમતી જોઈ હતી ને !" (પૃ ૫૩) આમ તો 'કામરૂ, કામરૂપ' શબ્દ અસમને માટે પ્રયોજાય છે પણ સર્જકને 'કામરૂદેશ' એટલે આ મણિપુર જ યાદ આવે છે. મણિપુરમાં 'મોઈરાંગ'ની પ્રણયકથા જનજનમાં વ્યાપ્ત છે. 'ખાંબા-થોઈબી'નું નૃત્ય મણિપુરનું અતિ પ્રસિદ્ધ


ISSN 0976-9609

નૃત્ય છે. ભોળાભાઈ મણિપુરી સાહિત્ય પરિષદ ગયા અને તેઓ મણિપુરી ભાષા વિશે જણાવતાં કહે છે કે "મણિપુરી તિબેટી-બર્મી ભાષા પરિવારની ભાષા છે, પણ લખાય છે બંગાળી લિપિમાં." (પૃ ૫૬). અચાનક જ ભોળાભાઈને નાટ્યોત્સવમાં સમ્મિલિત થવાનું ગોઠવાઈ ગયું. પ્રસિદ્ધ નાટક 'ઈંગાલૈ' જોયું. તેઓને કવિ અજ્ઞેયની પંક્તિઓ યાદ આવતી હતીઃ "ચલો ખોલ દો નાવ, ચુપચાપ જિધર બહતી હૈ બહને દો." (પૃ ૫૬). મણિપુરમાં જુદી જુદી ટોળીની આદિવાસી પ્રજાઓ વસતી આવી છે. નાગા, કુકી અને મિઝો. ખીણના વાસીઓ મૈતેઈ તરીકે ઓળખાય છે. પર્વત વાસીઓ અને ખીણવાસીઓ વચ્ચે સંઘર્ષો પણ જાણીતા છે. ભોળાભાઈ 'ઈમ્ફાલ વૉર સેમીટરી'ની પણ મુલાકાતે જાય છે. અહીં, બીજા વિશ્વયુદ્ધ વખતે મૃત્યુ પામેલા સૈનિકોના નામ, વય અને કબરો પર મૃત્યુલેખોય હૃદયવિદારક છેઃ "તમારી પત્ની તમને અહર્નિશ યાદ કરે છે, 'ફરીથી મળીશું આપણે વહાલા', 'અનંત આરામમાં', 'હળવે ચાલો મારો વહાલો અહીં સૂતો છે." (પૃ ૬૪). મણિપુરના બુદ્ધિજીવીઓ માટે આજે એક જાતની આઈડેન્ટિટી ક્રાઈસિસ છે. તેમને લાગે છે કે ભારતીય સાંસ્કૃતિક પરંપરા સાથે તેમનો સંબંધ સહજ સ્વાભાવિક નથી.

'જેસલમેર' નિબંધમાં સર્જકે એરિખ ક્રીડની પંક્તિ ટાંકી છે. "સ્ટાઉબ આઉફ સ્ટાઉબ ઉન્ટર સ્ટાઉબ, ધૂળમાં ધૂળ ઉપર ધૂળ." (પૃ ૬૭). આમ, જેસલમેરમાં રણ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે અને અહીં ઊંટ એ રણનું વહાણ છે. જેસલમેર અંગે ભોળાભાઈ જણાવે છે કે "જેસલમેરને જોતાં એવું થયું કે જાણે કોઈ વિરાટ ઊંટ પગ વાળી, ડોકનેય પીઠ ભણી વાળી લઈ બેસી પડ્યું છે-ઉજ્જડ ઊષર મરુભોમમાં. ધૂળની ડમરીઓ ચઢે છે અને એ ઊંટનો રંગ અને ધૂળનો રંગ એક થઈ ગયો."(પૃ ૬૭). જેસલમેર પાસેના રણવિસ્તારમાં મોટા કદનાં શગુણા નામનાં પક્ષીઓ રહે છે, હવે તેમની જાતિ વિલોપ પામવાની સ્થિતિમાં છે. અહીં પટવાઓની પ્રસિદ્ધ હવેલીઓ હતી. પાંચ પાંચ હવેલીઓ અને છ છ માળ ઊંચી !. અહીં પ્રસિદ્ધ જૈસાણ દુર્ગ છે, જે પર્વત પર આજે દુર્ગ છે, તે ત્રિકુટાચલ છે. અહીં બુરજે બુરજે ઝરૂખા છે. દીવાલ પર મોટા અક્ષરે લખાણ જોવા મળે - "બુખાર કૈસા ભી હો મલેરિયા હો સકતા હૈ. ખૂન કી જાંચ કરા કે કુનૈન કી ગોલિયાં મુફ્ત મેં લે." (પૃ ૭૧). સર્જક અહીં વ્યંગ કરતા કહે છે કે આ જગ્યાએ ક્યાં ઓછું ખૂન રેડાયું હતું !. દુર્ગ પર જૈન મંદિરો છે, જેસલમેર જૈનો માટે મોટી યાત્રા ગણાય. અહીં જેસલમેરને આબાદ કરનાર ઓસવાલ જૈનોએ પોતાની ધાર્મિકતાને મંદિરો બંધાવીને પ્રગટવા દીધી હતી. જોધપુરનો મહરાનગઢ પ્રવાસીઓ માટે ખુલ્લો રાખી આવકનું સાધન પણ ઊભું કરાયું છે. અહીં મહરાનગઢના શીશમહલ, દીપકમહલ, ચંદનમહલ, ફૂલમહલ, વગેરે જોવાલાયક સ્થળો છે. "જેસલમેરના મોતીમહલ પર એક સૂત્ર દેખાયું-જ્ઞાનાર્થ આઈએ, સેવાર્થ જાઈએ." (પૃ ૭૫). પટવાઓની હવેલી પણ આકર્ષણનું કેન્દ્ર રહી છે. ઓગણીસમી સદીના આરંભમાં જેસલમેર વ્યાપારનું કેન્દ્ર હતું. ઘી, અફીણના વ્યાપારમાં આ પટવાઓ ખૂબ કમાયેલા. સાલમસિંહની હવેલી અને મહારાજાનો બાદલવિલાસ પણ ઘણું આકર્ષણ ધરાવે છે.

'ચિલિકા' સરોવર એશિયાનું સૌથી મોટું ખારા પાણીનું સરોવર હોવા ઉપરાંત પ્રકૃતિનાં સૌંદર્યોથી ભરપૂર છે. ચિલિકા સરોવર વિશે સર્જકને પ્રથમ દર્શન ઓડિયા કવિ રાધાનાથ રાયની કવિતાની પંક્તિઓમાંથી થયું. ચિલિકાનું વર્ણન ભોળાઈએ એવા તાદશ્ય રીતે કર્યું છે કે આપણું મન ત્યાં જઈ પહોંચે છે "ઊંચા નીચા પહાડો, વચ્ચે સરોવર, સરોવરમાં દ્વીપ, સૈકત પુલિન, તાલના રિકેલના ઊંચા વૃક્ષ, હંસવિહંગોથી સેવ્યમાન, પ્રભાતે અને સંધ્યાએ ખીલી ઊઠતા રંગ વૈભવથી દર્શનીય." (પૃ ૮૬). ચિલિકા સરોવર ૪૫ માઈલ જેટલું લાંબું અને એની સરેરાશ પહોળાઈ ૧૦ માઈલ છે. બંગાળના અખાતથી એક પાતળી ભૂમિપટ્ટીથી તે અલગ પડી ગયું છે. સહમિત્રો સાથેની

વાતચીતમાં સર્જક ચિલિકા વિશેની રાધાનાથ રાયની પંક્તિઓ બોલી સંભળાવે છે "ઉત્કળ કમળા વિળાસ દીર્ઘિકા, મરાળમાળિની નીળાંબુ ચિળિકા" (પૃ ૮૮). ચિલિકા સરોવર રમણીય ઉત્કટ ભૂમિમાંય રમણીય. ચારેપાસ સૌંદર્ય વિખરાયેલું છે. એની પશ્ચિમે છે નાનામોટા દ્વીપ, પારીકુંડ દ્વીપ તેમાં સૌથી મોટો છે. સર્જક ચિલિકાના જળને ચંચલ કહે છે, જેમાં નજર ક્યાંય વિરામ લઈ શકતી નથી. ઉમાશંકર જોશી જ્યારે ચિલિકા ગયા ત્યારે તેઓ ભોળાભાઈને પત્રમાં જણાવે છે કે "તમે જે ઓટલા પર વિશ્રામ કરેલો તેની મુલાકાત લેતાં આનંદ થયો." (પૃ ૯૫). કવિ ઉમાશંકરે કરેલું ચિલિકાનું દર્શન કવિચેતનાના સ્વાભાવિક સ્પંદ રૂપે જ લાગે છે "કિનારાની જળશાળામાં માછી શિશુઓ માની સાડી ઝબકોળી માછલા હિંચોળી ભૂખનો જવાબ ગોખે." (પૃ ૬૬). માછી શિશુની ભૂખ અને અજબલિનો આર્ત બેંબેકાર આ પરિવેશમાં પણ તેમની કરુણા ઝીલે છે. જળશાલા અને ભૂખનો જવાબ એ બે શબ્દો કેવી વેધક વક્રોક્તિ બની રહે છે ! આમ ચિલિકા વિશે ચાર, પાંચ કાવ્યો લખાયાં છે, જેમાં ઉમાશંકર જોશીનું આ કાવ્ય 'ચિલિકા' નામથી 'સંસ્કૃતિ'માં છપાયું.

'બ્રહ્મા' એ ભારતના જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ શહેરની પૂર્વમાં અને હિમાચલ પ્રદેશની સરહદ નજીક આવેલ પર્વતમાળા છે. શ્રીનગરથી બસમાં ભોળાભાઈ બ્રહ્મા જવા નીકળે છે, શ્રીનગર વટાવ્યા બાદ અનંતનાગ આવ્યું જે પ્રસિદ્ધ કાશ્મીરી કેસરના પ્રદેશ તરીકે ઓળખાય છે. આગળ જતા વેરીનાગ આવ્યું જેલમનું ઉગમસ્થાન. આગળ ભોળાભાઈ જણાવે છે કે "આ ઉગમ સ્થળે જ જહાંગીરે લખાવ્યું છે અગર ફિરદૌસ બરરૂએ જમીન્સત, હમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત." (પૃ ૧૦૦). જહાંગીરે બધાંના મનની વાત કહી દીધી છે, સ્વર્ગ જો ભૂતળ પર હોય તો અહીં છે. આખરે ભોળાભાઈ બ્રહ્મા શિખર પર સહયાત્રીઓ સાથે પહોંચે છે અને શિખર જોઈ મોહી પડી બોલી ઉઠે છે "કેવું અદ્દ્ભુત દર્શન ! શ્વેત હિમમંડિત પર્વતશિખર. આ જ બ્રહ્મા ! જુઓ ! જુઓ ! એકદમ શ્વેત. કેવળ શ્વેત. તેની બન્ને બાજુ બે પહાડ-એકદમ લીલા, નર્યા લીલાછમ. બે લીલાછમ પહાડોની ફ્રેમ વચ્ચે શ્વેત બ્રહ્મા. સામે ત્રણ શિખર. લીલું, શ્વેત, લીલું. અહીં ઘણું બધું હતું, પણ બે પહાડ વચ્ચે સૂરજ નહીં, ત્રીજો પહાડ. શ્વેત પાવનત્વ જાણે ધ્યાનમગ્ન છે." (પૃ ૧૧૧). સર્જકને અહીં એક નહીં પણ બે બ્રહ્મા દેખાયા. બ્રહ્મા-૧ ગંભીર, બ્રહ્મા-૨ રમ્ય. ઉત્તર હિમાલયના શ્રીનગરની દક્ષિણે આવેલું બ્રહ્મા શિખર આમ તો એકવીસ હજાર ફૂટ ઊંચું છે. બ્રહ્મા જાણે કે દરેક ક્ષણે ક્ષણે નવીન લાગતું જાય છે.

શિલ્પ અને સ્થાપત્યોની અનોખી કલા કારીગરીથી પ્રસિદ્ધ ખજુરાહો મધ્યપ્રદેશના હાલના છત્તરપુર જિલ્લામાં આવેલું છે. ખજુરાહોના નામ અંગે ભોળાભાઈ કહે છે કે "શરૂમાં જ મને ખજૂરાહો લખવું કે ખજુરાહો લખવું એની વિમાસણ થઈ હતી. નામમાં ખજૂર શબ્દ તો છે જ. વળી સંસ્કૃત ખજૂર અને પ્રાકૃત ખજૂર હોય તો પછી ખજૂરાહો જ લખવું જોઈએ ને ! મૂળ નામ તો સરસ ખર્જૂરવાહક છે. મુખ્ય દરવાજે કહે છે કે, સુવર્ણનાં બે ખજૂર વૃક્ષ હતાં. એટલે ખર્જૂરવાહક એવું નામ." (પૃ ૧૩૦,૩૧). ખજુરાહોનો ઇતિહાસ અને તેની શિલ્પકલાઓનું દર્શન પણ સર્જક આપણને કરાવે છે "આ મંદિરો ચંદેલવંશી રાજાઓએ બંધાવ્યા છે. નિર્માણકાળ ઈ.સ ૯૫૦ થી ૧૦૫૦ લગભગનો. આ સો વર્ષોમાં લગભગ એટલી જ સંખ્યામાં, કદાચ કંઈક ઓછા, મંદિરો અહીં બન્યાં હતાં." (પૃ ૧૩૩). કેટલાય મંદિરો ધ્વસ્ત થઈ ગયાં છે, છતાંય ૨૫ જેટલાં મંદિરો હજી સારી સ્થિતિમાં છે. પ્રવાસીઓને એ ખૂણેખૂણેથી આકર્ષ્યા છે. રાજા યશોવર્મન અને ધંગ બન્નેએ ઘણા મંદિરો બંધાવ્યાં એમાં ખજુરાહોમાં 'હિમાલય જેવું ઊંચું' વિષ્ણુમંદિર બંધાવ્યું હતું એ સમય એટલે ગુજરાતનો સોલંકીકાળ. ચોસઠયોગિની મંદિર ખજુરાહોનું સૌથી પહેલું મંદિર ગણાય છે. ભોળાભાઈ બુદ્ધદેવ બસુએ જે 'કાલિદાસેર મેઘદૂત'માં જે નિરીક્ષણ કર્યું, તે અંગે જણાવતા કહે


ISSN 0976-9609

છે કે "ભારતમાં સર્વત્ર અલંકારને મહત્ત્વ છે. કવિતામાં અને શિલ્પમાં પણ. અલંકાર કે ભૂષણ વિના સૌંદર્ય કેવું? જ્યારે યુરોપની મૂર્તિઓ સંપૂર્ણપણે નગ્ન, નિવારણ છે, અને નિરાભરણ છે. ત્યાં શુદ્ધ નગ્નતાનું સૌંદર્ય છે, જ્યારે આપણે ત્યાં તો સૌંદર્ય અલંકાર." (પૃ ૧૩૭). અહીં દેવદેવીઓ, અપ્સરાઓ, નાયિકાઓનાં શિલ્પો પણ છે. આપણે ત્યાં કહેવાયું પણ ખરું કે "ધર્મોદર્થો અર્થત કામાદ ધર્મફલોદય-ધર્મથી અર્થ અને અર્થથી કામની પ્રાપ્તિ થાય છે, પણ કામથી તો ધર્મનું ફળ જ પ્રાપ્ત થાય છે." (પૃ ૧૩૯,૪૦). અહીં, ભોગાસનોના શિલ્પોથી ખેંચાઈ દર્શકો મંદિર સુધી આવે છે, ત્યારે સર્જક જણાવે છે કે "ના રતિ એ પાપ નથી, મલીન નથી, મલીન તો મનુષ્યનું મસ્તિક છે; દેહ તો સ્વચ્છ પવિત્ર છે, સંસ્કારબદ્ધ. મસ્તિષ્ક તેમાં રહેલું નાળું છે. આ શિલ્પો એ જ વાત કહી જાય છે. આ છે જીવનનો આનંદ. ના, કોઈ વ્રીડાભાવ નથી." (પૃ ૧૪૮). આમ, કામ અને અધ્યાત્મ જાણે કે બન્ને અભિન્ન છે.

'કાશી'ને શિવની નગરી કહેવાય છે. કાશ એટલે પ્રકાશવું, ચમકવું. એટલે આ સ્થળ કાશી. કોઈ કહે કે કાશનાં જંગલોથી આ પ્રદેશ છવાયેલો એટલે કાશી. કાશી કહેતા જાણે કે હિન્દુ ધર્મનું અને હિન્દુનું હૃદયકેન્દ્ર સમજાય. હજારો યાત્રીઓ કાશીની જાત્રા અને કાશીની ઉત્તરવાહિની ગંગામાં ડૂબકી મારીને પુણ્યબોધ અનુભવતા આવ્યા છે. અહીં બનારસી હિન્દી બોલાય, ભોજપુરીની નજીકની છતાં તેનાથી જુદી. સર્જક કાશીના જુદા જુદા નામ અંગે પણ આપણને માહિતગાર કરે છે. કાશી, વારાણસી, બનારસએ ત્રણે એક જ નગરનાં નામ પણ જુદો જુદો પ્રત્યય કરાવે છે. બનારસ બોલતા બનારસી પાન કે સાડી ઓળખાય. આજે સરકારી નામ વારાણસી. સર્જક આગળ વારાણસીનો સંદર્ભ આપતાં કહે છે "પદ્મપુરાણમાં શિવ પાર્વતીને કહે છે  હે સુરવલ્લભે, વારણા અને આસિ-આ બે નદીઓ વચ્ચે જ વારાણસી છે, તેની બહાર કોઈએ રહેવું જોઈએ નહીં". (પૃ ૧૫૬). અહીંનું શિક્ષણ પણ તે સમયે ઉત્તમ હતું એ અંગે સર્જક કહે છે કે "આખા દેશમાં ગમે ત્યાં ભણો પણ પછી કાશીના પંડિતોની પરીક્ષામાંથી પસાર થાઓ પછી જ માન્યતા મળે" (પૃ ૧૫૮). અહીંના એક ચંડાળે શંકરાચાર્યને વિવાદમાં હરાવ્યા હતા. કબીરની ભૂમિ પણ કાશી, હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિના સમન્વયનું ઉત્તમ ફળ એટલે કબીર. અહીં જ એમણે પંડિતો પર પ્રહારો કર્યા હતા. "પોથી પઢી પઢી જગ મુઆ પંડિત ભયા ન કોય, ઢાઈ અચ્છર પ્રેમ કા પઢે સો પંડિત હોય".(પૃ ૧૫૮). અહીં આવ્યા વલ્લભાચાર્ય, તુલસીદાસ. કાશીમાં મોક્ષના માંગલ્યને વર્ણવતાં ભોળાભાઈ કહે છે કે "કાશી મુમૂર્ષુઓની નગરી છે. અહીં મરણ મંગલ છે. અહીં જેના અંતિમસંસ્કાર થાય તેનો પણ મોક્ષ સધાય એમ મનાય છે." (પૃ ૧૬૦). અહીં સૌ પ્રથમ બુદ્ધના ધર્મચક્રનું પ્રવર્તન થયું હતું. ભોળાભાઈ કાશીથી સારનાથને રસ્તે થઈ કથાકાર પ્રેમચંદના ગામ લમહીની મુલાકાત લીધી. ગંગા કાશીથી કેટલાય કાળથી વહી રહી છે. અહીં પવિત્ર સ્થાન એટલે મણિકર્ણિકા ઘાટ અહીં ક્યારેય ચિતા શાંત થતી નથી.

'રામેશ્વરમ્' નિબંધમાં સર્જકે રામેશ્વરમનાં ઇતિહાસ પ્રસિદ્ધ સેતુબંધ રામેશ્વરની વાત કરી છે "સેતુબંધ ઈતિખ્યાતમ્ ત્રૈલોક્યેન ચ પૂજિત-પુષ્પક વિમાનમાંથી લંકાવિજયી રામ નીચે સીતાને દેખાડતા હતા એ રામેશ્વર-હિંદુસ્તાનનો વાઘ-સિંહ જેવો નકશો." (પૃ ૧૭૫). અહીં જ રામને ઈશ્વરની સ્થાપનાની જરૂર પડી હતી. બાર જ્યોતિર્લિંગમાંનું એક તે 'રામેશ્વરમ', લક્ષ્મણકુંડ આગળ મુંડન કરાવવાનો મહિમા છે. રામેશ્વરમ મંદિર દ્રવિડ શૈલીમાં બનેલું. અહીં રામ-લક્ષ્મણ-હનુમાનનાં પણ જુદા-જુદા રૂપ છે. પાર્વતીનું મીનાક્ષી રૂપ કે કન્યાકુમારી રૂપ, ભુવનેશ્વરની પાર્વતીથી જુદું છે. અહીં આસપાસ અનેક તીર્થો છે, જેને રામાયણની ઘટનાઓ સાથે જોડી છે. રામકુંડ, લક્ષ્મણકુંડ અને સીતાકુંડ છે. ધનુષકોટી પણ એક તીર્થ છે, સીતા માટે સેતુબંધની રચના ત્યાંથી થઈ. પુરાતત્ત્વવિદ્

હસમુખ સાંકળિયા કહે છે કે “આ લંકા તે રામની લંકા નથી. પુરાતત્વીય આધારો પરથી તેઓ તો માને છે કે લંકા છે તે તો ઓડિશાના બસ્તર પ્રદેશમાં ક્યાંક.” (પૃ ૧૮૪). આ વાતના સંદર્ભમાં ડૉ.ભાયાણીએ હસતા હસતા કહેલું કે “મોટાભાગના પુરાતત્ત્વવિદોમાં કલ્પનાનો અભાવ હોય છે.” (પૃ ૧૮૪) પર્વતોમાં કે વનોમાં જુદી અનુભૂતિ હોય છે એ સંદર્ભે ભોળાભાઈ અમેરિકન પ્રકૃતિવિદ હેનરી એલ્ટનના એક નિબંધની વાત કરે છે જેમાં એલ્ટને જણાવ્યું છે કે “પ્રકૃતિમાં ત્રણ આદિમ અવાજો છે. તેમાં એક અવાજ છે વરસાદનો, બીજો અવાજ છે પુરાણા મહારણ્યોમાં વાતા પવનનો અને ત્રીજો છે તટ પર પછડાતા સાગરનો. આ ત્રણેય અવાજમાં તેમને સાગરનો અવાજ સૌથી વધારે ભયંકર તથા સૌથી વધારે વૈવિધ્યસભર લાગ્યો છે.” (પૃ ૧૮૭).

અંતિમ નિબંધ ‘તેષાં દિક્ષુ’માં ભોળાભાઈ પટેલે તેમના ગામ વિશે વાત કરી છે. તેષાં દિક્ષુ પ્રથિતવિદિશા તેઓ જણાવે છે કે “આ શબ્દો પવન પાવડી બની જાય છે મારે માટે જાણે. એ પહેરી મન ઊડવા માંડે છે. તે દિશામાં માત્ર વિદિશા નથી, દશે દિશા છે સાત સમુંદર તેરો નદી, પર્વત, નગર જનપદ, ઝાડ જંગલ પછી આવે મારું નાનું ગામ, જે ગામમાંથી હું નિર્વાસન પામ્યો છું-મારું એ ગામ” (પૃ ૧૯૦). સર્જકની મહેચ્છા છે કે એમનું ઘર કોઈ ડુંગરાની તળેટીમાં હોય, ગામની બાજુમાં કોઈ પ્રસિદ્ધ સ્થળ નથી એની પણ વ્યથા છે. અનેક દિવસો બહાર રહીએ પછી ઘર જેમ યાદ આવે પણ ત્યાંથી ફરી પાછા ભમવા જવાની વૃત્તિ સર્જકને થયા કરે છે. તેઓ રવીન્દ્રનાથની પંક્તિ દ્વારા પોતાની વ્યથા ઠાલવે છે “હેથા નય, અન્ય કોથા, અન્ય કોથા, અન્ય કોન ખાને, અહીં નહીં, બીજે ક્યાંક, બીજે કોઈ ઠેકાણે.” (પૃ ૧૯૪). આમ, તેઓ પણ પંખીની જેમ બહાર જવા તડપે છે. અંતે આખા બ્રહ્માંડમાં ફરીને ત્યાં જઈ ઊભા છે જ્યાં ઘર છે. આમ અંતે એ બધું જ પોતાનામાં છે એમ કહી સર્જક ‘ધરતીનો છેડો ઘર’ એ કહેવતને સાર્થક કરી એક વલય પૂરું કરે છે.

આમ, ભોળાભાઈ પટેલના ‘વિદિશાના નિબંધો’ ચિંતનપ્રધાન નહિ, પરંતુ ચિંતનયુક્ત લલિત પરિમાણથી સભર બન્યા છે. નિબંધકાર ભોળાભાઈએ ભારતની સૌંદર્યમંડિત છબિ તેનાં ભૌગોલિક, રાજકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભોના રંગોને વ્યક્તિગત બનાવીને પોતાની આગવી અલૌકિક કળા દ્વારા ભારતીય સંસ્કૃતિને પ્રગટ કરી છે.


સંદર્ભ : પટેલ ભોળાભાઈ, ‘વિદિશા,’
પ્રકાશક : આર. આર. શેઠ, પાંચમી આવૃતિ ઑગસ્ટ ૨૦૦૨, પૃષ્ઠ : ૨૦૧, મૂલ્ય : ૧૬૦


---


શોધછાત્ર, અનુ. ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર,
આણંદ, ૩૮૮૧૨૦, (મો) ૬૩૫૯૭૫૯૯૮૮,
E-mail ID.mehulrathva6359gmail.com


---

## ॥ વિદ્યાવૃત ॥

**બી. જે. વાણિજ્ય મહાવિદ્યાલય દ્વારા રક્તદાન શિબિર** : ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી–આણંદના સહયોગથી તારીખ ૧૭-૦૭-૨૦૨૫ને ગુરુવારના રોજ “સ્વૈચ્છિક રક્તદાન શિબિર” કાર્યકારી આચાર્ય ડૉ. એસ. કે. રાદડિયાના માર્ગદર્શન હેઠળ યોજાઈ. રક્તદાન શિબિર દરમિયાન ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, માનદ્ સહમંત્રી શ્રી મેહુલભાઈ પટેલ, ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી ડૉ. કેતકી શેઠ, BJVM પ્લેટીનમ જ્યૂબિલી સેલિબ્રેશનના કન્વીનર અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી-આણંદના ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ આઈ. પટેલ, તેમજ BJVM એલ્મની એસોસીએશનના સભ્યો શ્રી નૈષધભાઈ દેસાઈ, શ્રી કિરણભાઈ પટેલ, CA શ્રી કમલેશભાઈ પરીખ ઉપસ્થિત રહ્યા હતા. પોતાની ઉમદા સેવાઓ આપી હતી. શિબિર દરમિયાન વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિ વર્ષ ૨૦૨૫-૨૬ના ઉપપ્રમુખ ડૉ. રૂપલ પટેલ, તથા સર્વે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ મિત્રોનો ઉમદા સહયોગ પ્રાપ્ત થયો હતો.



ISSN 0976-9609

**।। પ્રાસંગિક ।।**

## શિક્ષક : લોકશાહીનો સાચો માર્ગદર્શક

**ભાનુ એમ. પરમાર**

**ભૂમિકા :**

કોઈપણ સમાજ અથવા દેશનું સારું ભવિષ્ય બનવાની જવાબદારી તે દેશના શિક્ષકોની છે. તેઓ જે તે દેશના નાગરિકોને સફળતાના શિખરો સુધી પહોંચવાનો માર્ગ બતાવવાનું કામ કરે છે. આ સાથે તેઓ એ પણ જણાવે છે કે, કેવી રીતે સાચા-ખોટાની પરીક્ષા કરવી. આ રીતે, વ્યક્તિના પ્રથમ ગુરુને તેની માતા કહેવામાં આવે છે, જ્યારે શિક્ષક તેને સાંસારિક અનુભૂતિ મેળવવા માટે એટલે કે જીવનમાં આગળ વધવા માટે માર્ગદર્શન આપે છે. શિક્ષકના આ મહત્ત્વને ધ્યાનમાં રાખીને, આપણે દર વર્ષ ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

જો આપણે આપણા દેશની વાત કરીએ, તો ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિના અવસર પર શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ૫ સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ થયો હતો. રાધાકૃષ્ણન એક મહાન વિદ્વાન અને ફિલોસોફર હતા. ડૉ. રાધાકૃષ્ણનને તેમના જીવનના મહત્ત્વપૂર્ણ ૪૦ વર્ષ એક શિક્ષક તરીકે દેશને આપ્યા. તે જ સમયે ડો.રાધાકૃષ્ણનનું ભારતીય શિક્ષણને માવજત કરવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

શિક્ષક દિવસનો ઈતિહાસ આપણા દેશમાં શિક્ષક દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ ૧૯૬૨માં ડૉ.રાધાકૃષ્ણનના રાષ્ટ્રપતિ બનવા સાથે થઈ હતી. હકીકતમાં, આ વર્ષે તેના વિદ્યાર્થીઓએ તેનો જન્મદિવસ ઉજવવાની મંજૂરી માંગી હતી. આ અંગે રાધાકૃષ્ણને કહ્યું કે મારો જન્મદિવસ ઉજવવાને બદલે તેઓ આ દિવસને સમગ્ર દેશને શિક્ષકોના સન્માનમાં શિક્ષક દિવસ તરીકે ઉજવે તો મને ગર્વ થશે. આ રીતે, દેશમાં પ્રથમ વખત ૫ સપ્ટેમ્બર ૧૯૬૨ ના રોજ, ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે શિક્ષક દિવસની શરૂઆત કરવામાં આવી હતી.

ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં લોકશાહી માત્ર રાજ્ય વ્યવસ્થાનો એક સ્વરૂપ નથી, પરંતુ તે એક જીવનમૂલ્ય છે. લોકશાહી જીવંત રહે અને જનમાનસ સુધી તેની મૂળભૂત ભાવના પહોંચે તે માટે શિક્ષણ અગત્યનું સાધન છે. આ શિક્ષણનો મુખ્ય આધાર છે શિક્ષક.

શિક્ષક માત્ર જ્ઞાનનો સંચાર કરનાર નથી, પરંતુ તે સમાજ અને રાષ્ટ્ર માટે મૂલ્યપ્રેરક છે. લોકશાહીનો સાચો અર્થ સમજાવવા, નાગરિકોમાં ફરજ અને અધિકારનો ભાવ જગાડવા. તેમજ સમાજમાં સમાનતા, ભાઈચારો અને ન્યાયની સંવેદના ઊભી કરવા શિક્ષકની ભૂમિકા અનિવાર્ય બની રહે છે.

શિક્ષક લોકશાહી માટે નીચે પ્રમાણે માર્ગદર્શક બની શકે છે.

**૧. જાગૃતિનો સંદેશવાહક :**

લોકશાહીમાં દરેક નાગરિકને જાગૃત અને જવાબદાર બનવું પડે છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીય જ્ઞાન આપતો નથી, પણ તેમને નાગરિક તરીકેની ફરજો અને જવાબદારીઓ અંગે પણ માર્ગદર્શન આપે છે.

**૨. સમાનતાનો ભાવ :**

વર્ગખંડમાં શિક્ષક દરેક વિદ્યાર્થી સાથે સમાનતા દાખવે છે. આ વર્તન દ્વારા વિદ્યાર્થીમાં સમાનતા અને ભેદભાવ રહિત સમાજ તરફ વલણ વિકસે છે, જે લોકશાહીની મૂળશક્તિ છે.

**૩. વિચારશક્તિ અને તર્કબુદ્ધિનો વિકાસ :**

લોકશાહી ત્યારે જ મજબૂત બને જ્યારે નાગરિકો વિચારશીલ અને તર્કશક્તિ સંપન્ન બને. શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવા, ચર્ચા કરવાની અને

પોતાના વિચારો વ્યક્ત કરવાની પ્રેરણા આપે છે. જે લોકશાહીની આત્મા છે.

**૪. સહનશીલતા અને મતભેદ સ્વીકારની ભાવના :**

લોકશાહીમાં મતભેદ હોવા સ્વાભાવિક છે. શિક્ષક વિદ્યાર્થીઓમાં એકબીજાના વિચારો સાંભળવાની, સમજવાની અને માન આપવાની ભાવના વિકસાવે છે.

**૫. રાષ્ટ્રીય મૂલ્યોનું સંસ્કરણ :**

દેશપ્રેમ, બંધારણ પ્રત્યે આસ્થા, માનવાધિકારોનો સન્માન અને સામાજિક ન્યાય જેવા મૂલ્યો શિક્ષક પોતાના જીવન અને શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં ઉતારે છે.

આ રીતે શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી, પરંતુ લોકશાહીનો સાચો માર્ગદશક છે. તે પેઢીપેઢીને લોકશાહી જીવનના મૂલ્યો સાથે ઘડે છે અને એક મજબૂત, જાગૃત, જવાબદાર નાગરિક સમાજનું નિર્માણ કરે છે.

**સારાંશ :**

લોકશાહીનું રક્ષણ માત્ર કાનૂની વ્યવસ્થાથી નહીં, પરંતુ જાગૃત અને સંસ્કારી નાગરિકોથી થાય છે. એવા નાગરિકો ઘડવામાં શિક્ષકની ભૂમિકા સર્વોપરી છે. તેથી શિક્ષકને લોકશાહીનો સાચો માર્ગદર્શક કહેવો યોગ્ય છે. આમ, ચાણક્યએ સાચું જ કહ્યું છે કે - "શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ."

---

પ્રિન્સિપાલ,
નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

---

## ।। વિદ્યાવૃત ।।

### ઈલસાસ કૉલેજ : આર.ડી.પરેડ, રાજપથ દિલ્હી

૧. ઈલસાસ કોલેજના એન.એસ.એસ. સ્વયંસેવક આશિષ મુનિયાએ ૧ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન નવી દિલ્હીમાં યોજાયેલ પ્રજાસત્તાક દિવસ પરેડ કેમ્પમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા તેમને આ પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન આશિષે શિસ્ત, પ્રતિબધ્ધતા અને સેવાભાવના દર્શાવીને સૌનું માન વધાર્યું. તેમની આ સિદ્ધિ માત્ર કોલેજ માટે જ નહીં, પરંતુ સી.વી.એમ. યુનિવર્સિટી તથા સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

૨. શ્રી ભાગ્યેશ ઝા અને કનુભાઈ પટેલ દ્વારા પ્રકાશિત પુસ્તક ચરોતરના પાટીદાર અંગ્રેજી ભાષા અનુવાદ The Glorius saga of Charotar's Patidar" ડૉ.કિશનકુમાર જોષી (આસિસ્ટંટ પ્રોફેસર, ઈલસાસ) દ્વારા કરવામાં આવ્યું.

3. Indian Journal of multilingual research and Development with A.C.T. Academy દ્વારા યોજાયેલ One day Internatiohal E-conference on Multilingual research, Education and social sciences માં ડૉ.નઝમા પઠાણ (Head, Assistant Professor, Dept. of English Language literature, ILSASS) ને એકેડેમિક અને સંશોધન ક્ષેત્રમાં અદ્દ્ભુત ફાળો આપવા બદલ. "Academic Excellence Award" પ્રાપ્ત થયેલ છે.

## ।। વિદ્યાવૃત્ત ।।

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં તા.૨૧-૦૭-૧૯૧૧ના રોજ ઈડરના બામણા (તા.ભીલોડા, જી.અરવલ્લી) ગામે જન્મેલા લેખક, વિવેચક, વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર, સંશોધક, સંપાદક, અનુવાદક, કવિશ્રી ઉમાશંકર જોશી(વાસુકિ)ની ૧૧૪મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે નલિની અરવિંદ આર્ટ્સ કોલેજના આસિ. પ્રોફેસર ડૉ.ભીખાભાઈ દેસાઈએ ઉમાશંકર જોશીના લેખન પ્રસંગો વિશે મનનીય વક્તવ્ય આપ્યું હતું, પ્રિ.વિજયકુમાર સુથાર અને ગુજરાતી વિષયના શિક્ષિકા શ્રીમતી ગીતાબેન ચૌધરીની મંચસ્થ ઉપસ્થિતિમાં યોજવામાં આવેલા કાર્યક્રમમાં શાળાના સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે શિક્ષિકા ડૉ. રોહિણીબા પરમારે આભારવિધિ કરી હતી.

આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં વ્યાવસાયિક શિક્ષણ હેઠળ "કારકિર્દી પ્રદર્શન" હેઠળ બાળકોના સપનાને ઉડાન આપતો સુંદર કાર્યક્રમ યોજાયો. ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં વ્યાવસાયિક શિક્ષણના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા "મારી કારકિર્દી-મારું સ્વપ્ન" વિષયક વિશિષ્ટ ચાર્ટ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પોતાની ઇચ્છિત કારકિર્દી તરફ માર્ગદર્શન આપવું અને વ્યવસાય ની સમજણ વિકસાવવી એ હતું.

વિદ્યાર્થીઓએ પોતે ભવિષ્યમાં શું બનવા માંગે છે - જેમકે ડૉક્ટર, ઇજનેર, આઈ.ટી. નિષ્ણાત, ખેલાડી, શિક્ષક વગેરે - તેના આધારે મનોરંજક અને માહિતીસભર ચાર્ટ તૈયાર કર્યા હતા. ખાસ કરીને ઇન્ફોર્મેશન ટૅક્નૉલૉજી અને સ્પોર્ટ્સ જેવા વ્યવસાય ક્ષેત્રો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે કમ્પ્યૂટર સેન્ટર, ડિજિટલ મેન્યુફેક્ચરિંગ સેન્ટર, FESTO સેન્ટર ઓફ એક્સેલેન્સ, CAD LAB તથા સેન્ટર સ્ટુડન્ટ સપોર્ટ સિસ્ટમ, GTU વેન્ચર હબ (આણંદ ઝોન)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.:** ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જિનિયર ભીખુભાઈ પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે કોમન કમ્પ્યૂટર સેન્ટર, ડિજિટલ મેન્યુફેક્ચરિંગ સેન્ટર, FESTO સેન્ટર ઓફ એક્સેલેન્સ, CAD LAB, સેન્ટ્રલ સ્ટુડન્ટ સપોર્ટ સિસ્ટમ, GTU વેન્ચર હબ (આણંદ ઝોન)નું આ પ્રસંગે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે એન્જિનિયર ભીખુભાઈ પટેલ (અધ્યક્ષ, ચારુતર વિદ્યામંડળ), શ્રી મનીષભાઈ પટેલ (ઉપપ્રમુખ, ચારુતર વિદ્યામંડળ), ડૉ.એસ.જી.પટેલ (માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ), શ્રી વિશાલભાઈ પટેલ (માનદ્ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ), શ્રી આર.સી.તલાટી (માનદ્ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ), શ્રી મેહુલભાઈ પટેલ (માનદ્ સહમંત્રી, ચારુતર વિદ્યામંડળ), શ્રી સુરેન્દ્રકાકા (પ્રેસિડેન્ટ,ચારૂસેટ), પ્રોફેસર ચોરેલ (નોમિની, DTE), શ્રી બી. એમ. વ્યાસ, શ્રી હરીશ નચનાની (CEO, FESTO India), શ્રી રાહુલ પટેલ (માઇક્રોફ્લેટ ડેટમ, જશ એન્જિ), શ્રી સુનિલ રાઠોડ (પ્રતિનિધિ, Sophus Pvt Ltd), દાતાશ્રી ડી.ડી.પટેલ, ડૉ.કે.એન.ખેર (રજિસ્ટ્રાર, GTU) તથા વિભાગીય વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે વર્તમાન સમયને અનુલક્ષીને સંસ્થા ખાતે ટૅકનૉલૉજિકલ તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન જરૂરી છે. જેના ભાગરૂપે બીવીએમ ખાતે તેમણે કોમન કમ્પ્યૂટર સેન્ટર માટે બીવીએમ એન્ડ ફંડ બદલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ડિજિટલ મેન્યુફેક્ચરિંગ સેન્ટર માટે દાતાશ્રી પ્રતિક પટેલ તથા પરિવાર, FESTO સેન્ટર ઓફ એક્સલન્સ ૪.૦ માટે શ્રી

લલીતભાઈ પટેલ (બીવીએમ ઇલેક્ટ્રિકલ, ૧૯૬૪) તથા FESTO CSR, મિકેનિકલ CAD લેબ માટે શ્રી મનુભાઈ રામી (બીવીએમ, મિકેનિકલ, ૧૯૭૨) તથા અન્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ  હર્ષલ ભટ્ટ, કાર્તિક ભટ્ટ અને કીર્તન ભટ્ટ, સેન્ટર સ્ટુડન્ટ સપોર્ટ સિસ્ટમ કે જેમાં પ્લેસમેન્ટ સેલ એસએસઆઈપી અને ઈન્ક્યુબેશન આવરી લેવામાં આવ્યા છે તેના માટે બીવીએમ એલ્યુમિનિયમ એસોસિયેશન તથા ચારુતર વિદ્યામંડળનો દાન આપવા માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. આ પ્રસંગે જીટીયુ વેન્ચર હબ આણંદ ઝોનનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત પ્રસંગે સાયબર સિક્યુરિટીના સેન્ટર ઓફ એક્સેલેન્સની સ્થાપના માટે (Sophus. Pvt Ltd સાથે કરવામાં આવ્યા હતા તથા તમામ દાતાશ્રીઓ તથા તેમના પરિવાર, બીવીએમ  ઇન્ફ્રાસ્ટ્રક્ચર કમિટીના મેમ્બર્સનું સન્માન કરવામાં આવ્યું હતું

**H M Patel Institute of English Training and Research offered an English enrichment course :**

From July 7 to July 15, 2025, the Alumni Association of the H M Patel Institute of English Training and Research successfully arranged a **30-hour English Enrichment Course (EEC)** for trainees pursuing a B.Ed. in English. The institute's flagship academic program, the course, aims to improve trainees' proficiency in the following key language skills: listening, speaking, reading, writing, grammar, and vocabulary.

The course featured several engaging and insightful sessions conducted by distinguished alumni ofthe institute. Ms. Krushnal Sodha Parmar (SVIT, Vasad) led a session on Reading Skills, focusing on strategies for comprehension and critical reading. Mr.Arindam Benerjee, an independent educational consultant, conducted a session on Grammar, highlighting effective teaching methods and practical usage. Ms. Laxmi Adicheril (ILSASS, Vallabh Vidyanagar) facilitated a session on Listening Skills, using interactive tasks to develop attentive listening and comprehension. Dr.Mohini Parmar (Parul University) offered valuable insights on Speaking Proficiency, emphasizing oratory techniques and confident communi cation. Ms. Shivani Ninama (Kanan International) conducted a dynamic session on Vocabulary Building, encouraging participants to enhance their word power for effective communication. The series concluded with Dr. Kaushik Trivedi's interactive session on Writing Skills, where trainees engaged in practical exercises to refine their writing abilities.

**Student Induction Programme organised by IQAC at HMPIETR** :

The Internal Quality Assurance Cell (IQAC) of H. M. Patel Institute of English Training and Research, Vallabh Vidyanagar, organised a comprehensive Student Induction Programme (SIP) for the newly admitted students of B.Ed. (English) Semester-I from 2nd July to 15th July 2025, under the valuable guidance of Shri Ramesh Talati Sir, the Joint Secretary of Charutar Vidya Mandal (CVM) and leadership of Dr. Mayur Parmar Sir, the I/c. Principal of HMPIETR.




ISSN 0976-9609

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના પાંચ વર્ષ પૂર્ણ થયે યોજાયેલ વિવિધ કાર્યક્રમો.




ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની વિવિધ સંસ્થાઓ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના પાંચમા વર્ષની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, પોસ્ટર પ્રેઝન્ટેશન, તજજ્ઞ વ્યાખ્યાન જેવા વિવિધ કાર્યક્રમોની એક ઝલક.

**BOOK POST**
**September 2025**

**V-Vidyanagar 27 (09)**
**Published on 05/09/2025**
**No. of Pages 40 Including Cover**
**ISSN 0976 – 9609 V-Vidyanagar**

**Postal Regd. No. AND/318/2024-26**
**RNI Regd. No. Guj/2009-11/5433**
**Posted at Vallabh Vidyanagar on**
**5th of Every Month**

## ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી ખાતે સ્વતંત્રતા દિનની ઉજવણી



ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી ખાતે ૭૯મા સ્વતંત્રતા દિનની ઉજવણી પ્રસંગે તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપતા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી એન્જિનિયર ભીખુભાઇ બી. પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ આર. સી. તલાટી, વિશાલભાઈ પટેલ, મેહુલભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડૉ. ઈન્દ્રજીત પટેલ, રજિસ્ટ્રારશ્રી પ્રો. ડૉ. સંદિપ વાલીયા, સીવીએમ યુનિવર્સિટીની સંસ્થાઓના આચાર્યશ્રીઓ, નિયામકશ્રીઓ તથા વિભાગીય વડાશ્રીઓ અને કર્મચારીગણ નજરે પડે છે. તદુપરાંત સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા એન.સી.સી. કેડેટ્સ દશ્યમાન થાય છે.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )